RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-224 ■ DATE : 03-01-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


**સુવિચાર**

આ દુનિયામાં ઘણી સહેલાઈથી છેતરી શકાય તેવી વ્યકિત જો કોઈ હોય તો તે આપણી જાત છે...



મવડી પ્લોટની વૃંદાવન સોસાયટીના રહેણાંક મકાનમાંથી ૭૬ હજારના દારૂ સાથે બુટલેગર ઝડપાયો P-4

# સંસદમાં પ્રજાના પ્રતિનિધિઓની ખામોશી ચિંતાજનક!

**સદનમાં પ્રજાના પ્રશ્નો ઉઠાવવામાં ૫૪૨ માંથી ૧૬૫ સાંસદો નિષ્ક્રીય રહ્યાઃ વડાપ્રધાન મોદી, અમિત શાહ, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ સહિતના મોટાભાગના ટુંકમાં બોલ્યાઃ શિયાળુ સત્રમાં આગેવાન સાંસદો ડોકાયા જ નહીં**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના લોકો પોતાની સમસ્યાના ઉકેલ માટે સાંસદોને લોકસભામાં મોકલે છે પરંતુ સંસદમાં પરિસ્થિતિ ખરાબ છે. સરેરાશ, ૨૫ થી ૩૦ ટકા સાંસદો પ્રજાના પ્રશ્નો ઉઠાવવા પોતાનું મોઢું ખોલતા જ નથી.

રસપ્રદ વાત એ છે કે, પહેલા સત્ર સિવાય, એક પણ સત્ર એવું બન્યું નથી જેમાં ૬૦-૭૦ ટકાથી વધુ સાંસદો ગૃહમાં સક્રિય રહ્યા હોય. વર્તમાન ૧૮મી લોકસભાના છેલ્લા શિયાળુ સત્રમાં, ૫૪૨ સાંસદોમાંથી ફક્ત ૩૭૭ સાંસદોએ ચર્ચામાં ભાગ લીધો હતો.

જ્યારે ૧૬૫ મૌન રહ્યા. જુલાઈ ૨૦૨૫ ના પાછલા ચોમાસા સત્રમાં, ફક્ત ૨૫૧ સાંસદોએ ભાગ લીધો હતો. નોંધપાત્ર વાત એ છે કે, ૭૩.૩૯ કલાક ચાલેલા આ શિયાળુ સત્રમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જગદંબિકા પાલ, સૌગત રોય અને મનીષ તિવારી સિવાય કોઈ મંત્રી કે સાંસદે એક કલાકથી વધુ સમય સુધી વાત કરી ન હતી.

૧૮મી લોકસભાના છ સત્રો, જે કુલ ૩૬૭.૫૧ કલાક ચાલ્યા, તેમાં માંડ પાંચથી સાત નેતાઓએ એક કલાકથી વધુ સમય બોલવાનો રેકોર્ડ બનાવ્યો છે.

ગૃહમાં સામાન્ય ચર્ચાનો સમાવેશ થાય છે, પરંતુ ગૃહમાં રજૂ કરાયેલા દસ્તાવેજો, કલમ ૩૭૭ હેઠળના મુદ્દાઓ, પૂરક પ્રશ્નોના મંત્રીઓના જવાબો, શોક સંદેશાઓ અને ઘોષણાઓ સિવાયના સંદર્ભો, સ્પીકરના નિર્ણયોના અવલોકનો, રાજ્યસભાના મંત્રીઓની ભાગીદારી, સંસદીય બાબતોના મંત્રીના નિવેદનો અને મંત્રી-સભ્યોના હસ્તક્ષેપોનો સમાવેશ થતો નથી.

સભ્યોને રાજ્યની બેઠકોની સંખ્યા, પક્ષના સભ્યપદ અને સુનિતિ સમયપત્રક અનુસાર સમય ફાળવવામાં આવે છે. ઉત્તર પ્રદેશને વધુ બેઠકોની સંખ્યાનો લાભ મળે છે, અને ભાજપને વધુ સભ્યોની સંખ્યાનો લાભ મળે છે. પીએમ-મંત્રીનો રેકોર્ડ અલગથી જાળવવામાં આવે છે. કાઢી નાખવા સિવાય, રેકોર્ડ પર લેવાયેલ કોઈપણ રેકોર્ડ વિવિધ નિયમો અનુસાર શામેલ છે.

ઘણા સાંસદો ગૃહમાં હાજર રહ્યા, પણ ચૂપ રહ્યા. તેમાં ઘણી અગ્રણી હસ્તીઓ પણ હતી. ૧૮મી લોકસભાના પહેલા, બીજા અને ત્રીજા સત્રમાં, ૪૮૨ સભ્યો હાજર રહ્યા, જ્યારે ૬૦ ગેરહાજર રહ્યા.

ચોથા સત્રમાં, ૪૮૫ સભ્યો હાજર રહ્યા અને ૫૭ ગેરહાજર રહ્યા. પાંચમા સત્રમાં, ૪૮૪ સભ્યો હાજર રહ્યા અને ૫૮ ગેરહાજર રહ્યા. છઠ્ઠા સત્રમાં, ૪૮૬ સભ્યો હાજર રહ્યા અને ૫૬ ગેરહાજર રહ્યા.

સંસદમાં નોંધાયેલા રજિસ્ટરમાં નોંધાયેલા હસ્તાક્ષરોના આધારે, હેમા માલિની છેલ્લા ૧૫ દિવસના શિયાળુ સત્રમાં એક પણ દિવસ હાજર રહી ન હતી. પ્રિયંકા ગાંધી એક દિવસ, અખિલેશ યાદવ દસ દિવસ, ડિમ્પલ યાદવ બે દિવસ, મનોજ તિવારી એક દિવસ, અસદુદ્દીન ઓવૈસી અને શશિ થરૂર ત્રણ દિવસ, રવિ કિશન નવ દિવસ અને શત્રુઘ્ન સિહા સાત દિવસ ગેરહાજર રહ્યા હતા. ૧૮મી લોકસભામાં અગ્રણી વ્યક્તિઓના લેખિત પ્રશ્નો

સાંસદનું નામ પૂછવામાં આવેલા પ્રશ્નોની સંખ્યાઃ રાહુલ ગાંધી ૩૪, પ્રિયંકા ગાંધી ૧૪, ડિમ્પલ યાદવ ૮, અસદુદ્દીન ઓવૈસી ૮૭, શશિ થરૂર ૯૩, હેમા માલિની ૨૩, રવિ કિશન ૧૮૩, શત્રુઘ્ન સિહા ૬, કંગના રનૌત ૧૨૯, મનોજ તિવારી ૧૮૨.

**Petrol & Diesel Rate**

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૮૧.૬૭/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૬,૨૬૦ | ₹૨,૪૨,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૦૧ | ₹૧૨૧.૧૭ |

## નવા વર્ષની પૂર્વ સંધ્યાએ અમેરિકાને હચમચાવાનું કાવતરૂ નિષ્ફળ બનાવતું FBI

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

FBIએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ આયોજિત એક મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. ઉત્તર કેરોલિનાના એક ૧૮ વર્ષીય વ્યક્તિની ઈસ્લામિક સ્ટેટને ભૌતિક સહાય પૂરી પાડવાનો પ્રયાસ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ક્રિયિન સ્ટર્ડિવન્ટ તરીકે કરવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે તે ISIS ના નિર્દેશો હેઠળ, છરી અને હથોડીથી કરિયાણાની દુકાન અને ફાસ્ટ-ફૂડ આઉટલેટ પર હુમલો કરવાની યોજનાના અંતિમ તબક્કામાં હતો. કોઈપણ નુકસાન થાય તે પહેલાં જ આ કાવતરું નિષ્ફળ બનાવવામાં આવ્યું હતું.

FBIના જણાવ્યા મુજબ, સ્ટર્ડિવન્ટ જાન્યુઆરી ૨૦૨૨ થી દેખરેખ હેઠળ હતો, જ્યારે તે સગીર હતો. તપાસકર્તાઓએ અહેવાલ આપ્યો છે કે તે વિદેશમાં ISIS સભ્યના સંપર્કમાં હતો. તેને બધા કાળા કપડાં પહેરવા અને હથોડીથી હુમલો કરવા સૂચનાઓ મળી હતી. એક ઓનલાઈન નિવેદનમાં, ફેડરલ તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, FBI અને અમારા કાયદા અમલીકરણ



ભાગીદારોએ ઉત્તર કેરોલિનામાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ સંભવિત આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો. ગુનેગાર થી સીધો પ્રેરિત હતો આ હુમલો છરીઓ અને હથોડાનો ઉપયોગ કરીને આયોજિત કરવામાં આવ્યો હતો. કોર્ટમાં હાજર થવા દરમિયાન, ફેડરલ પ્રોસિક્યુટર્સે જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિએ છરીઓ અને હથોડાનો ઉપયોગ કરીને હુમલો કરવાની યોજના બનાવી હતી. કોર્ટના દસ્તાવેજો અનુસાર, સ્ટર્ડિવન્ટે ઓનલાઈન ઉગ્રવાદીઓ તરીકે ઓળખાતા ગુપ્ત અધિકારીઓ સાથે તેની યોજનાઓ શેર કરી હતી. યુ.એસ. એટર્ની રસ ફર્ગ્યુસને જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિ એક વર્ષથી હુમલાની તૈયારી કરી રહ્યો હતો. એક પ્રેસ બ્રીફિંગમાં, તેણે કહ્યું કે તે જેહાદની તૈયારી કરી રહ્યો હતો અને નિર્દોષ લોકો માર્યા જવાના હતા.

## ૨૦૨૬નું વર્ષ રોકાણકારો માટે મહત્વપૂર્ણ બની રહેશેઃ ૨૫૦૦૦ કરોડના આઈપીઓ પ્રતિક્ષામાં

**મુખ્ય સમાચાર, મુંબઈ**

૨૦૨૬ની શરૂઆત શેરબજારના રોકાણકારો માટે મહત્વપૂર્ણ વર્ષ બનવાની તૈયારીમાં છે. જાન્યુઆરીમાં ઘણા આઈપીઓ આવી શકે છે જે ફક્ત નોંધપાત્ર ભંડોળ એકત્ર કરશે જ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રોમાં નવી તકો પણ ખોલશે. એવો અંદાજ છે કે જો આ બધા પ્રસ્તાવિત આઈપીઓ શરૂ કરવામાં આવે, તો કુલ ભંડોળ એકત્ર કરવામાં રૂા.૨૫,૦૦૦ કરોડથી વધુ થઈ શકે છે. નોંધપાત્ર રીતે, આ કંપનીઓ સંરક્ષણથી લઈને કૃત્રિમ બુદ્ધિમત્તા, નવીનીકરણીય ઉર્જા, નાણાં અને હોટેલ ઉદ્યોગ સુધીના વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલી છે.

મોટાભાગની કંપનીઓ હજુ પણ અંતિમ મંજૂરીની રાહ જોઈ રહી છે અને સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી, પરંતુ બજારની




ગતિવિધિઓ પહેલાથી જ તેજીમાં આવી ગઈ છે. ચાલો જાન્યુઆરીમાં શેરબજારમાં પ્રવેશવાની તૈયારી કરી રહેલી આઠ અગ્રણી કંપનીઓ પર એક નજર કરીએ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા એનાલિટિક્સના ક્ષેત્રમાં કામ કરતી કંપની, ફ્રેક્ટલ એનાલિટિક્સ, એક મોટો ત્ભ્બ બનાવવાની યોજના બનાવી રહી છે. કંપની આશરે રૂા.૪,૯૦૦ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય રાખે છે. આ રકમનો ઉપયોગ દેવાની ચુકવણી, સંશોધન અને વિકાસ, નવી ટેકનોલોજી, વેચાણ અને માર્કેટિંગ અને વૈશ્વિક વિસ્તરણ માટે કરવામાં આવશે. ૨૦૦૦ માં સ્થપાયેલી, આ કંપની વિશ્વભરની મુખ્ય કંપનીઓને એઆઇ-આધારિત ઉકેલો પ્રદાન કરે છે.

પ્રેસ્ટિજ ગ્રુપનું હોટેલ યુનિટ, પ્રેસ્ટિજ હોસ્પિટાલિટી વેન્ચર્સ, જાન્યુઆરીમાં આઈપીઓ પણ લોન્ચ કરી શકે છે. આ ઇશ્યૂમાંથી મળેલી રકમ, આશરે રૂા.૨,૭૦૦ કરોડની છે, તેનો ઉપયોગ નવા હોટેલ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા અને દેવું ઘટાડવા માટે કરવામાં આવશે. કંપની શેરેટન, હિલ્ટન અને કોનરાડ જેવી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ માટે હોટેલ ચલાવે છે. વરિન્દરા કન્સ્ટ્રક્શન્સને સેબીની મંજૂરી મળી ગઈ છે. કંપની સંરક્ષણ માળખા, એરપોર્ટ અને મોટા સરકારી પ્રોજેક્ટ્સ પર કામ કરે છે. તેનો જાન્યુઆરીમાં આવવાની અપેક્ષા છે.

## ઇન્કમટેક્ષ વિભાગે જૂની ઉઘરાણી શરૂ કરતા કરદાતાઓમાં ચિંતા

દેશમાં નવી આવકવેરા સીસ્ટમ લાગુ થઈ છે અને ગત બજેટમાં જ નાણામંત્રી નિર્મલા સીતારામને રૂા.૧૨ લાખ સુધીની આવકને પણ કરમુક્તિ આપીને મોટી રાહત આપી છે તે સમયે દેશભરમાં હજારો કરદાતાઓને છેક ૨૦૦૯થી૨૦૧૭ સુધીની જુની ઉઘરાણીની નોટીસ મળતા જ તેઓ ચિંતામાં મુકાઈ ગયા છે. અનેકને તો ૨૦૦૪-૦૫ના એસેસમેન્ટ વર્ષ માટેના તેઓએ ટેક્ષ ભરપાઈ કરવાનો બાકી છે તેથી ડિમાન્ડ નોટીસ મળી છે. સૌથી વધુ આઘાત એ છે કે, જૂની બાકી જે કરદાતા પણ ભુલી ગયા હતા અથવા સેટલ થઈ ગયુ છે તેવું માનતા હતા તે બાકી પર વ્યાજ પેનલ્ટી સહિતની તગડી ઉઘરાણીની નોટીસ મળી છે અને તેના કારણે તેમના જે ઓરીજનલ ટેક્ષની બાકી હતી તેના કરતા પણ અનેકગણી વધુ રકમની નોટીસ મળી છે. આ પ્રકારની ટેક્ષ ડિમાન્ડ જૂની હોવાથી હવે કરદાતાને તે સમયની આવક તેના રિટર્ન વિ.ના રેકોર્ડ શોધવા પડશે અને તેઓએ આવકવેરા વિભાગને છેલ્લે કયો જવાબ આપ્યો હતો તે પણ નિશ્ચિત કરવું પડશે. આ દશકાથી વધુ જૂના સમયગાળામાં તો પેપરવર્ક જ થતું હતું તેથી તે વધુ મુશ્કેલ બની ગયુ છે.

## શિયાળાએ અસલી રંગ દેખાડયોઃ પ્રથમ વખત ન્યુનતમ તાપમાન એક આંકડામાં પહોંચ્યુ

**નલીયામાં ૭, રાજકોટમાં ૯.૪, ગિરનાર પર ૫.૭ ડિગ્રી તાપમાન નોંધાયું**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે શિયાળાનો અસલી રંગ દેખાયો હતો અને શિત લહેરો તથા ઝાકળ વચ્ચે તાપમાન ૨ થી ૫ ડિગ્રી ગગડતા લોકોએ કડકડતી ઠંડી અનુભવી હતી. ખાસ કરીને રાજકોટ શહેરમાં ડિસેમ્બર માસ ગરમ રહ્યા બાદ આજે ચાલુ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી.

આજે સવારે ઝાકળ અને ૬ કિ.મી.ની ઝડપે બર્ફીલા પવન વચ્ચે લઘુતમ તાપમાન સિંગલ ડિઝીટમાં ૯.૪ ડિગ્રી નોંધાતા નગરજનો ધ્રુજી ગયા હતા. ઉલ્લેખનીય છે કે આજે રાજયની સૌથી વધુ ઠંડી નલિયા ખાતે ૭ ડિગ્રી નોંધાઇ હતી.

આમ આજે રાજયમાં સૌથી વધુ ઠંડા શહેરો રાજકોટ અને નલિયા રહ્યા હતા. આ બંને શહેરોમાં આજે સવારે હવામાં ભેજ પણ ૯૨ ટકા રહેતા સવારે ધુમ્મસ છવાયુ હતું. આજે અનેક સ્થળે ઝાકળ અને ઠંડા પવન વચ્ચે તીવ્ર ઠંડી અનુભવાતા લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે પડયા હતા. તો ઠેર ઠેર તાપણા પણ નજરે પડયા હતા.

આ ઉપરાંત આજે જુનાગઢવાસીઓ પણ ૧૦.૭ ડિગ્રી સાથે ધ્રુજયા હતા ખાસ કરીને જુનાગઢનાં ગિરનાર પર્વત ઉપર ૫.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા સહેલાણીઓ ઠુંઠવાયા હતા. જયારે ભુજ અને પોરબંદર ખાતે પણ તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. પોરબંદરમાં સવારે ૧૧.૪ અને ભુજમાં પણ ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

તેમજ અમદાવાદમાં સવારે વડોદરામાં ૧૫, દમણમાં ૧૭, ડિસામાં ૧૧.૮, દિવમાં ૧૫.૮, દ્વારકામાં ૧૫.૧, ગાંધીનગરમાં ૧૨.૮, કંડલામાં ૧૩, ઓખામાં ૧૮.૨, તેમજ વેરાવળ ખાતે ૧૫.૮ અને સુરતમાં ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ આજે પોષ સુદ પુનમના ઠંડીનો પારો સીઝનનો સૌથી વધુ ઠંડીનો દિવસ નોંધાયો છે. એકાએક ઠંડીનો પારો નીચે જતા ૧૦.૭ ડિગ્રીએ નોંધાતા લોકો ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં નોંધાયેલા તાપમાન મુજબ મેકસીમમ પારો ૧૧.૬ નીચે નોંધાયો હતો જે ઘટીને ૧૦.૭ ડિગ્રીએ નીચે ઉતરી જવા પામ્યો હતો.

ગિરનાર પર્વત ઉપર પારો ૫.૭ ડિગ્રીએ નીચે નોંધાતાની સાથે પવનની ગતિ પ્રતિ કલાક ૫.૧ કિલોમીટર નોંધાઇ છે. વાતાવરણમાં ભેજ વધીને ૮૧ ટકા નોંધાયો છે.

જ્યારે ભાવનગરમાં આજે સવારથી જ ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. લઘુતમ તાપમાન પણ ગગડીને ૧૪ ડિગ્રી એ પહોંચતા ઠંડીની તીવ્રતા વધી છે. ગોહિલવાડ પંથકમાં આજે શનિવારે ઠંડો પવન રહ્યો છે. આજે સવારે ૧૨ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. સવારે વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૮૨% હતું.



## વિરોધને પગલે BCCIએ મુસ્તફિઝુરને રિલીઝ કરવા KKRને નિર્દેશ કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા બાદ ભારતમાં વધતી નારાજગી વચ્ચે બીસીસીઆઇએ કોલકાતા નાઈટ રાઈડર્સને તેના બાંગ્લાદેશી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી રિલીઝ કરી દેવા નિર્દેશ આપ્યો છે. બોર્ડ સેક્રેટરી દેવજીત સૈકિયાએ આ વાતની પુષ્ટી કરી હોવાની જાણકારી મળી છે. એટલે કે હવે ૯.૨૦ કરોડમાં ખરીદાયેલો મુસ્તફિઝુર ૨૦૨૬માં નહીં રમી શકે. મુસ્તફિઝુર રહેમાન બાંગ્લાદેશના શાનદાર બોલરો પૈકી એક છે અને દુનિયાભરની લીગમાં તે રમતો દેખાય છે. તે આઈપીએલમાં ૨૦૧૬ થી રમી રહ્યો હતો. અત્યાર સુધી બાંગ્લાદેશનો આ ખેલાડી સનરાઈઝર્સ હૈદરાબાદ, મુંબઈ ઈન્ડિયન્સ, રાજસ્થાન રોયલ્સ, દિલ્હી કેપિટલ્સ અને સીએસકે માટે પણ રમી ચૂક્યો હતો.

## રીઝર્વ બેન્કે વ્યાજદર ઘટાડયું હોવા છતાં લોન હજુ મોંઘી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લાંબા સમય સુધી રિઝર્વ બેન્કે ફુગાવાની ચિંતા કરીને વ્યાજદર વધાર્યા પછી હવે છેલ્લી ત્રણ મોનેટરી પોલીસીની બેઠક સહિત કુલ ૧.૨૫%નો વ્યાજદર ઘટાડયો છે પણ બેન્કોએ અવારનવાર ધિરાણ સસ્તા કર્યાની જાહેરાત વચ્ચે એકંદરે ૦.૩૨% એટલે કે ૩૨ બેસીસ પોઈન્ટ સુધી વ્યાજદર વધારી દીધા છે.

ખાસ કરીને નવી લોનમાં તે લાગુ કર્યા છે. વાસ્તવમાં બેન્કો ઈચ્છે તો પણ રિઝર્વ બેન્કે જે ફાયદો વ્યાજદરમાં આવ્યો છે તે પુરેપુરો ગ્રાહકોને આપી શકે તેમ નથી તેનું મુખ્ય કારણ બેન્કોએ તેની થાપણોને આક્રમક બનાવી રાખવાની છે.

એક તરફ બોન્ડ યીલ્ડ (વળતર)



માં વધારો થયો છે તો નાની બચત યોજના જે પોષ્ટ ઓફિસ બચત યોજના તરીકે ઓળખાય છે તેના વ્યાજદર ઉંચા રહેતા બેન્ક થાપણો માટે જબરી સ્પર્ધા થઈ છે. એક તરફ શેરબજારમાં રીટેલ ઈન્વેસ્ટર્સ નાણા ઠાલવી રહ્યા છે.

મ્યુચ્યુઅલ ફંડનું ઈકવીટી રોકાણ પણ વધ્યુ છે તેની બેન્ક થાપણોના વ્યાજ ઘટાડે તો બેન્કોને નવી થાપણો મેળવવામાં મુશ્કેલી પડી શકે છે તો થાપણના ઉંચા વ્યાજના કારણે બેન્કોને માર્જીન જાળવવા પણ લોન મોંઘી રાખવી પડે તેમ છે.

સરકારે જાન્યુ-માર્ચ માસમાં પણ નાની બચતના વ્યાજદર યથાવત રાખ્યા છે. રિઝર્વ બેન્કના રિપોર્ટ મુજબ વ્યાપારી બેન્કોનો સરેરાશ ધિરાણ દર ૮.૭૧% છે જે અગાઉ ૮.૩૯% હતો. ૧૦ સપ્ટે.ના સરકારી લોનનું વળતર પણ ઉંચુ ગયુ છે અને બેન્કોને પોષ્ટ ઓફિસના ૬.૯% થી ૭.૫% સુધીના વ્યાજદર સાથે સ્પર્ધા કરવી પડે છે. આથી લોન મોંઘી કરવી પડી છે.

## વેનેઝુએલાના પાટનગર કારાકાસમાં એક બાદ એક સાત વિસ્ફોટ

**મુખ્ય સમાચાર, વેનેઝુએલા**

વેનેઝુએલાના પાટનગર કારાકાસમાં એક બાદ એક સાત ધડાકા થતાં હડકંપ મચ્યો હતો. શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રચંડ વિસ્ફોટ બાદ ધુમાડો જોવા મળ્યો. કારાકાસના મોટા સૈન્ય બેઝની આસપાસ વીજળીની સપ્લાય પણ બંધ થઈ ગઈ છે. સ્થાનિકોનો દાવો છે કે તેમણે વિસ્ફોટ સમયે લડાકૂ વિમાન ઊડતાં જોયા હતા. જોકે હજુ સુધી આ વિસ્ફોટ કોઈ હુમલો છે કે પછી અન્ય કોઈ કારણોથી વિસ્ફોટ થયા છે તેની પુષ્ટિ થઈ શકી નથી.

નોંધનીય છે કે છેલ્લા થોડા સમયથી અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અવાર નવાર વેનેઝુએલાના પ્રમુખ માદુરોને સીધી ધમકી આપી ચૂક્યા છે. આટલું જ નહીં બંને દેશોએ સેનાઓ પણ ઍલર્ટ મોડમાં રાખી હતી. અમેરિકાએ હાલના દિવસોમાં વેનેઝુએલાના ઓઈલના જહાજો પર પણ હુમલો કર્યો હતો. અમેરિકાનો આરોપ છે કે વેનેઝુએલા ડ્રગ્સની હેરફેરમાં સામેલ છે. આ મામલે હજુ સુધી અમેરિકા તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

## અંબાજીમાં આજે પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી

**મુખ્ય સમાચાર, અંબાજી**

બનાસકાંઠા જિલ્લામાં આવેલા શક્તિ, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ સમાન સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે આજે ૩ જાન્યુઆરીના રોજ જગતજનની મા અંબાનો પ્રાગટ્યોત્સવ (પોષી પૂનમ) ધામધૂમથી ઉજવવામાં કરવામાં આવી રહી છે. સમગ્ર મંદિર પરિસરને આકર્ષક ફૂલો અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે. વહેલી સવારે ભક્તોની ભીડ જામવા લાગી છે. મંગળા આરતીના સમયે અંબાજી મંદિર ભક્તોની ભીડથી કચોકચ ભરાઈ ગયું હતું અને 'બોલ મારી અંબે જય જય અંબે' નાદથી મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું હતું. આ ખાસ પ્રસંગે માતાજી હાથીની અંબાડી પર સવાર થઈ નગરચર્યાએ નીકળશે,



જેના દર્શન માટે રાજ્યભરમાંથી લાખો માઈભક્તો ઉમટી પડ્યા છે.

હાથી, ઘોડા અને પાલખી સાથે આશરે ૩ કિલોમીટર લાંબી શોભાયાત્રા કાઢવામાં આવશે. આ યાત્રામાં માતાજી સ્વયં નગરજનોને દર્શન આપવા નીકળશે. ચાચર ચોકમાં વિશ્વ કલ્યાણ અર્થે ૧૦૧ યજમાન દ્વારા વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ શાકભાજીના અન્નકૂટ ધરાવવામાં આવશે અને માઈભક્તો માટે ભોજન પ્રસાદની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે.

# મોરબીના ઉદ્યોગોને ૨ વર્ષમાં સરકારે રૂ.૪૬૦ કરોડથી વધુની સહાય ચૂકવી

## મોરબીમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગતના કાર્યક્રમમાં ૫૦ કંપનીઓ વચ્ચે રૂ.૨૪૭૦ કરોડનાં એમ.ઓ.યુ. થયા





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વિકાસના માર્ગે ગુજરાતે હરણ ફાળ ભરીને દેશના અન્ય રાજ્ય માટે વિકાસ મોડલ બન્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતે અનન્ય પ્રગતિ સાથે દુનિયાને અચંબિત કરી છે, ત્યારે ગુજરાતના વિકાસમાં અહીંના સ્થાનિક અને પ્રાદેશિક ઔદ્યોગિક એકમોએ આ વિકાસની ગતિમાં પ્રેરકબળ બનવાનું કામ કર્યું છે. ઔદ્યોગિક હબ ગણાતા મોરબી જીલ્લાએ ગુજરાતને વિશ્વસ્તરે નામાંકિત કર્યું છે. સિરામિક અને ઘડિયાળ ઉદ્યોગ ક્ષેત્રે સાધેલા અનન્ય વિકાસ થકી વિકાસનું મોડલ બન્યું છે મોરબી. અહીંના ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા ગત ૨ વર્ષમાં ૧૨૦૦ થી વધુ ઔદ્યોગિક એકમોને રૂ.૪૬૦ કરોડથી વધુની નાણાકીય સહાય પૂરી પાડી છે. ગુજરાત વાયબ્રન્ટ સમિટ અને આ વર્ષે સરકારે લીધેલા રિજિયોનલ વાયબ્રન્ટ કોન્ફરન્સના માધ્યમથી ઔદ્યોગિક વિકાસની ગતિ વધુ તેજ બની રહી છે, ત્યારે આ કાર્યક્રમનાં ભાગરૂપે મોરબીમાં યોજાયેલ કાર્યક્રમમાં ૫૦ કંપનીઓ વચ્ચે રૂ.૨૪૭૦ કરોડનાં એમ.ઓ.યુ. થયા હતા.

નળિયા, તળિયા અને ઘડિયાળની ઓળખ બનેલું મોરબી સિરામિક સિટી તરીકે પ્રખ્યાત છે. સિરામિકના વૈશ્વિક હબ તરીકે જાણીતા મોરબીનું સિરામિક ક્લસ્ટર સિરામિક પેદાશોના ઉત્પાદનમાં વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું ક્લસ્ટર છે. ગુજરાતના સિરામિક ઉત્પાદનમાં ૯૦ ટકા હિસ્સો તો ફક્ત મોરબીનો જ છે. સિરામિક ઉત્પાદનોની દેશની કુલ નિકાસમાં પણ નોંધપાત્ર ૮૦ ટકા હિસ્સો મોરબી પૂરો પાડે છે. મોરબીમાં સિરામિક ઉદ્યોગની ૧૨૦૦ થી વધુ ફેક્ટરી આવેલી છે, જેનું વાર્ષિક ટન ઓવર અંદાજિત રૂ. ૬૦,૦૦૦ કરોડ અને વાર્ષિક નિકાસ રૂ. ૧૨૦૦૦ કરોડની છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં અંદાજતિ રૂ. ૧૨૦૦૦ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫ માં અંદાજિત રૂ. ૧૨૦૦૦ કરોડ તથા ચાલુ વર્ષે હાલની સ્થિતિએ રૂ. ૧૦૦૦૦ કરોડની નિકાસ નોંધાયેલી છે. મોરબીના સિરામિક ઉત્પાદનોની યુનાઇટેડ સ્ટેટ્સ, ફ્રાન્સ, જર્મની, ઓમાન, શ્રીલંકા, ઈજિપ્ત, યુકે તથા જાપાન સહિતના દેશોમાં વિશેષ માંગ રહેલી છે.

રોજગારીના સર્જન માટે મોરબીના ઉદ્યોગો સવિશેષ મહત્વ ધરાવે છે. જ્યાં દેશના અનેક રાજ્યોમાંથી યુવાઓ રોજગારી માટે મોરબી આવે છે. મોરબીના સિરામિક ઉદ્યોગોમાં અંદાજિત ૩.૫ લાખ લોકો સીધી રોજગારી મેળવી રહ્યા છે. ઉપરાંત ટ્રાન્સપોર્ટ, પેકેજીંગ, લેમીનેટ્સ, માર્કેટિંગ, રો-મટીરીયલ અને લોજિસ્ટિક સહિતના ઉદ્યોગો સિરામિક ઉદ્યોગના વિકાસની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા હોવાથી તેમનો વિકાસ થયો છે અને આ ઉદ્યોગોમાં પ્રત્યક્ષ/પરોક્ષ રીતે અંદાજિત ૫ લાખ લોકો રોજગારી મેળવે છે. ઘડિયાળ ઉદ્યોગ સાથે મોરબી દાયકાઓથી સંકળાયેલો છે. આજે મોરબીમાં અંદાજિત ૧૫૦ થી ૨૦૦ દિવાલ ઘડિયાળ બનાવતા એકમો આવેલા છે. મહિલાઓની રોજગારીની દ્રષ્ટિએ ઘડિયાળ ઉદ્યોગ વિશેષ મહત્વ ધરાવે છે. અંદાજિત ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ લોકો આ ઉદ્યોગમાંથી રોજગારી મેળવે છે જેમાં ૬૦% જેટલી મહિલાઓ રોજગારી મેળવી રહી છે.

મોરબી ભૌગોલિક વિવિધતા ધરાવે છે અહીં રણ અને દરિયાઈ વિસ્તાર પણ આવેલો છે જેથી મીઠાના ઉદ્યોગો પણ અહીં વિશેષ પ્રમાણમાં વિકાસ પામ્યા છે. ગુજરાતમાં મીઠાના ઉત્પાદનમાં કચ્છ જીલ્લા બાદ મોરબી બીજો નંબર ધરાવે છે. વાર્ષિક ૨૫ લાખ મેટ્રિક મીઠાના ઉત્પાદનની સાથે ૭ લાખ મેટ્રિક મીઠાનું તો એકલું મોરબી નિકાસ કરે છે. સિરામિક ઉદ્યોગની સાથે મોરબીમાં વિસ્તરેલ ઉદ્યોગમાં પોલિપેક ઉદ્યોગ પણ મહત્વનું છે, જેના અંદાજિત ૧૫૦ જેટલા એકમો મોરબીમાં કાર્યરત છે. આ ઉદ્યોગ વાર્ષિક ૦૫ લાખ મેટ્રિક ટન ઉત્પાદન સાથે રૂ. ૫૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. રોજગારી માટે અંદાજિત ૧૫૦૦૦ થી ૨૦,૦૦૦ લોકો આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. પેકેજીંગની સાથે સીધા સંકળાયેલા પેપરમીલ ઉદ્યોગો મોરબીમાં કાર્યરત છે જીલ્લામાં ૫૦ થી વધુ એકમો રૂ. ૩,૦૦૦ થી રૂ. ૪,૦૦૦ કરોડનું મુડી રોકાણ ધરાવે છે અને ૬ થી ૮ હજાર લોકોને રોજગારી પૂરી પાડે છે.

સમગ્ર રાજ્યની સાથે મોરબીના ઉદ્યોગોને વેગ આપવા સરકાર દ્વારા અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઔદ્યોગિક વિકાસ એ જીલ્લા તેમજ રાજ્યના વિકાસની સાથે દેશના વિકાસ માટે એક મહત્વનું પાસું છે. કોઈપણ ક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસની સાથે સ્થાનિક માળખાકીય સુવિધાઓ, સવલતો તેમજ રોજગારીમાં વધારો થાય છે, જે સરવાળે સર્વાંગીક વિકાસ તરફ દોરી જાય છે. મોરબીમાં સરકાર દ્વારા ઉદ્યોગોના વિકાસ માટે નાણાકીય સહાયની સાથે સમયાંતરે યોગ્ય માર્ગદર્શન સેમિનાર તેમજ પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવે છે.

# મોરબીના માનસર ગામે જુગારની મીની ક્લબ પર એલસીબીનો દરોડો, ૭ શખ્સો ઝડપાયા

### વાડીમાં બનાવેલા પ્લાસ્ટિકના તંબુમાં ગંજીપત્તા વડે ચાલતો હતો તીનપત્તીનો જુગાર, રૂ.૨૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના માનસર ગામની સીમમાં જુગારની મીની ક્લબ ચલાવવામાં આવતી હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પાડી ૭ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. દરોડા દરમિયાન રોકડા રૂ.૯.૦૬ લાખ, બે વાહન સહિત કુલ રૂ.૨૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. રેઈડ દરમિયાન પકડાયેલ તમામ આરોપીઓ વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી, મોરબી ક્રાઈમ બ્રાંચે આગળની તપાસ ચલાવી છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એલસીબી તથા પેરોલ-ફર્લો સ્કવોડ ટીમે માનસર ગામની સીમમાં માનસરથી નારણકા ગામ તરફ જતાં જુના કાચા માર્ગ પર આવેલ એક વાડીમાં દરોડો પાડ્યો હતો. આ વાડીમાં વાડી-માલીક આરોપી મનસુખભાઈ બાબુભાઈ જીલરીયા પ્લાસ્ટિકના તંબુમાં બહારથી લોકોને બોલાવી નાલ ઉઘરાવી ગેરકાયદેસર રીતે ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમાડવામાં આવતો હતો. દરોડા દરમિયાન પોલીસે આરોપી (૧)મનસુખભાઈ બાબુભાઈ જીલરીયા ઉવ.૪૪ રહે.નાની વાવડી ભક્તિ સોસાયટી શેરી નંબર-૨ મૂળ ગામ ફડસર તા.જી.મોરબી, (૨)રાજેશભાઈ જીવરાજભાઈ સરડવા ઉવ.૪૫ રહે.મહેન્દ્રનગર સિદ્ધિવિનાયક ટાઉનશીપ બ્લોક નંબર ૨૦૩ ગજાનંદ એપાર્ટમેન્ટ મોરબી, મૂળ રહે.સરવડ તા.માળીયા(મી), (૩)માનસિંગભાઈ દેવાભાઈ સોમાણી ઉવ.૫૫ રહે.વવાણીયા તા. માળીયા(મી), (૪)ભાવેશભાઈ બાલુભાઈ સીતાપરા ઉવ.૩૬ રહે.મહેન્દ્રનગર ગામ પ્રભુ કૃપા રેસીડેન્સી સતનામ એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૨૦૧ મૂળ ગામ માનસર તા.જી.મોરબી, (૫)રાજેશભાઈ મકનભાઈ મહાલિયા ઉવ.૩૪ રહે.વર્ષામેડી તા.માળીયા(મી), (૬)વિવેક વિનોદભાઈ ગોસ્વામી જાતે બાવાજી ઉવ.૩૨ રહે.મોટાદહીંસરા તા.માળીયા(મી) તથા (૭)નયનભાઈ પરસોત્તમભાઈ સનિયારા ઉવ.૩૨ રહે.પ્રભુ કૃપા ટાઉનશિપ ફોર સ્કવેર એપાર્ટમેન્ટ ત્રણ ૭૦૪ મહેન્દ્રનગર મોરબી ૨ મૂળ ગામ બહીસાબગઢ તા.ધાંગધ્રા જી.સુરેન્દ્રનગર વાળાને રોકડા રૂ.૯,૦૬,૫૦૦/-, એક સ્કોર્પિયો કાર રજી.નં.જીજે-૦૩-પીએ-૬૬૧૨ તથા એક ટાટા પંચ કાર રજી.નં. જીજે-૩૬-એએલ-૩૨૭૫સહિત કુલ રૂ.૨૪,૦૬,૫૦૦/- ના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ત્રણ મહિલા સહિત ૫ બાંગ્લાદેશી ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાંથી ત્રણ મહિલા સહિતના પાંચ બાંગ્લાદેશી નાગરિકો મળી આવતાં પોલીસ તંત્રમાં દોડધામ થઈ છે.જામનગર પોલીસ દ્વારા શહેરના પટેલ કોલોની વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન જામનગરમાં પટેલ કોલોની, શેરી નંબર-૧૧, સ્વસ્તિક મારબલની સામે આવેલા ગુલામમયુદિન અબ્દુલકરીમખાન ગાગદાણીના મકાનમાં બાંગ્લાદેશી નાગરીક ગેરકાયદેસર રીતે વસવાટ કરતા હોવાની એસઑજી.સ્ટાફને બાતમી મળી હતી.

પોલીસે બાતમીના આધારે દરોડા પાડતાં બે પુરૂષ તથા ત્રણ મહિલા એમ કુલ-૫ બાંગ્લાદેશી નાગરિકો મળી આવ્યા હતા. જેઓ પાસપોર્ટ, વિઝા કે ભારત સરકારની મંજૂરી વગર રહેતા હતા. પોલીસે તમામને ડીટેઇન કરીને આગળની તપાસ હાથ ધરી છે.

ઝડપાયેલા બાંગ્લાદેશી નાગરિકો.શાહબુદિન મોહમદ ગૌસ શેખ.મહમદઆરીફ મુંઝીબર શેખ. જમીલા બેગમ અનારદિ શેખ.નઝમા બેગમ અબ્દુલહકીમ હાઉલડર.મુર્સીદા બેગમ મહમદઆરીફ મુઝીબર શેખ.પશ્ચિમ બંગાળના રહેવાસી હોવાના આધારકાર્ડ મળ્યા.ઝડપાયેલા તમામ બાંગ્લાદેશી નાગરિકોને સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયા છે, જ્યાં તેમની સામે પાસપોર્ટ ધારા ભંગ સહિતની આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે તેઓની પૂછપરછ કરતાં આરોપી પાસેથી પશ્ચિમ બંગાળના રહેવાસી હોવાના આધારકાર્ડ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા સર્ચ કાર્ય દરમિયાન બે મહિલાઓ ઘણા સમયથી અહીં ભાડેથી રહેતી હતી, જ્યારે ત્રીજી એક મહિલા તાજેતરમાં જ અહીં રહેવા આવી હોવાનું ઉપરાંત અન્ય બે પુરુષો પણ થોડો સમય પહેલા રહેવા માટે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.તેઓ પાસે પાસપોર્ટ નહીં હોવાનું અને પોતે બાંગ્લાદેશથી આવ્યા હોવાનું પોલીસ તંત્રને ધ્યાનમાં આવી ગયું છે, જેથી પાંચેય સામે પાસપોર્ટ ધારા ભંગ સહિતની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધવા અને ભારતીય એમ્બેસીને જાણ કરવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગર જિલ્લાના ગ્રામ્ય માર્ગો હકુમતી સરવાણીયા-ધુનધોરાજી અને લાવડિયા-મકવાણા રોડનું રૂ.૧.૩૦ કરોડના ખર્ચે નવીનીકરણ શરૂ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થાને વધુ સુવિધાજનક બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ પંચાયત.દ્વારા બે મહત્વના રસ્તાઓના સપાટી સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાના કાલાવડ અને જામનગર તાલુકાના ગ્રામ્ય માર્ગો માટે કુલ રૂ.૧.૩૦ કરોડના ખર્ચે નવીનીકરણની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.કાલાવડ તાલુકાના અગત્યના એવા ૨ કિલોમીટર લાંબા હકુમતી સરવાણીયા થી ધુનધોરાજી રોડ માટે વિભાગ દ્વારા રૂ.૭૦.૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. આ રસ્તો હકુમતી સરવાણીયાને ધુનધોરાજી તથા અન્ય ગામો સાથે જોડે છે અને તાલુકા મથક સુધી પહોંચવા માટે ખૂબ જ મહત્વનો છે. લાંબા સમયથી રસ્તાની સપાટી બિસ્માર હોવાથી અહીં ડામર કામ અને રોડ ફર્નિચરની કામગીરી કરવામાં આવશે, જેથી આ વિસ્તારના વાહનચાલકોને મુશ્કેલીમાંથી મુક્તિ મળશે.

બીજી તરફ, જામનગર તાલુકામાં આવેલ ૧.૬૫ કિમી લંબાઈ ધરાવતા લાવડિયા-મકવાણા-ઢંઢા રોડના ઈમ્પ્રુવમેન્ટ માટે રૂ.૬૦ લાખનો જોબ નંબર મંજૂર કરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ડામર કામની સાથે સાથે જરૂરિયાત મુજબ સીસી રોડ અને રોડ ફર્નિચરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ રસ્તો લાવડિયા, મકવાણા અને ઢંઢા ગામના લોકો માટે પરિવહનનું મુખ્ય માધ્યમ હોવાથી તેની સુધારણા ગ્રામીણ અર્થતંત્ર અને સુવિધા માટે પાયારૂપ સાબિત થશે.પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર.કે.બી.છૈયા, નાયબ કાર્યપાલક ઈજનેર એસ.સી.બાંભણીયા તથા બી.આર. વસરાના સીધા માર્ગદર્શન હેઠળ આ બંને રસ્તાઓની કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટેના આદેશો અપાયા છે. વહીવટી તંત્રના આ હકારાત્મક અભિગમથી આગામી ટૂંકા સમયમાં જ સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને આરામદાયક તેમજ સુરક્ષિત મુસાફરીનો લાભ મળતો થશે.

# મોરબીના શક્તિ ચોક વિસ્તારમાં મંદિરો પાસે પશુ અવશેષો ફેંકવાના બનાવને લઈ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળનો કડક વિરોધ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શક્તિ ચોક વિસ્તારમાં આવેલા હિન્દુ મંદિરો પાસે અજાણ્યા શખ્સ દ્વારા પશુના કટકા અને અવશેષો ફેંકવામાં આવતા હિન્દુ સમાજની લાગણીને ઠેસ પહોંચી હોય ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે આ ઘટનાને ઈરાદાપૂર્વકનું કાવતરું ગણાવી ખુલ્લો વિરોધ જાહેર કર્યો છે. આ સાથે સંગઠને સમગ્ર હિન્દુ સમાજને એકજૂથ બની વિરોધ કરવા અપીલ કરી છે.

મોરબી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતના સર્વે હિન્દુ સંગઠનો દ્વારા સનાતની હિન્દુ સમાજને એક મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી હિન્દુ સમાજની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડતા બનાવો સામે આવી રહ્યા હોય તે દરમિયાન મોરબીના શક્તિ ચોક વિસ્તારમાં, જ્યાં ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન થતું હોય છે તેમજ વર્ષોથી હિન્દુ સમાજના પ્રાચીન મંદિરો આવેલા છે, ત્યાં ગંભીર ઘટના સામે આવી છે. સંગઠનના જણાવ્યા મુજબ કોઈ વીધર્મી શખ્સ દ્વારા ઈરાદાપૂર્વક મંદિરના ઓટા ઉપર તથા દરવાજાની બાજુમાં પશુના કટકા અને કાપેલા અવશેષો નાખવામાં આવ્યા હતા. આ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં હિન્દુ સમાજની બહેન-દીકરીઓ અને વિદ્યાર્થીઓ અવરજવર કરતા હોવાથી આ બનાવથી સમગ્ર હિન્દુ સમાજમાં રોષ ફેલાયો છે.

વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળે આ ઘટનાને હિન્દુ સમાજને ડરાવીને વિસ્તાર છોડાવવાનો પ્રયાસ હોવાનું ગણાવ્યું છે. સંગઠનનો આક્ષેપ છે કે જે વિસ્તાર સંપૂર્ણપણે રહેણાંક વિસ્તાર છે અને જ્યાં હિન્દુ સમાજ વર્ષોથી વસવાટ કરે છે, ત્યાં કોઈપણ પ્રકારની પરમિશન કે લાયસન્સ વગર મોટા પ્રમાણમાં પશુ હત્યા કરવામાં આવી રહી છે, જે કાયદેસર પણ નથી અને સામાજિક શાંતિ માટે ખતરનાક છે. આ સમગ્ર ઘટનાને હિન્દુ સમાજની લાગણી દુભાવવા માટેનું કૃત્ય ગણાવી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ મોરબી દ્વારા કડક વિરોધ નોંધાવવામાં આવ્યો છે. સાથે સાથે સમગ્ર હિન્દુ સમાજને પણ ખુલ્લેઆમ આ પ્રકારની ઘટનાઓ સામે એકજૂથ બની વિરોધ કરવા અને પોતાની ધાર્મિક આસ્થાની રક્ષા માટે આગળ આવવાની અપીલ કરવામાં આવી છે.

# મોરબીમાં ફ્લોરા હોમ્સ નજીક ગેરેજમાંથી ધોળે દિવસે મોટર સાયકલની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ વિસ્તારમાં ફ્લોરા હોમ્સ નજીક આવેલ ક્રિષ્ના ઓટો ગેરેજ બહાર પાર્ક કરેલ મોટર સાયકલની ધોળે દિવસે ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે. વાહનચોરે ગેરેજની બહાર ચાવી લગાવેલી હાલતમાં રાખેલ સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ ચાવી ચાલુ કરીને લઇ ગયો હતો. હાલ આ અંગે બી ડિવિઝન પોલીસ મથકે વાહન ચોરીની ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, મોરબી-૨ ફ્લોરા હોમ્સ બ્લોક નં. ૫૫ વોરા બાગ પાસે રહેતા અશ્વિનભાઈ હરજીવનભાઈ સિતાપરા ઉવ.૪૪ દ્વારા બી ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા વાહન ચોર આરોપી વિરુદ્ધ ફરીયાદ નોંધાવી છે, જે ફરિયાદ મુજબ, ગત તા. ૩૦/૦૯/૨૦૨૫ના રોજ ફરિયાદીએ પોતાનું મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૦૨-સીડી-૮૯૨૩ તેમના મિત્ર હરેશભાઈ અમૃતભાઈ વડગાસીયાના ક્રિષ્ના ઓટો ગેરેજ ખાતે સર્વિસ માટે આપ્યું હતું. ત્યારે અન્ય કામમાં વ્યસ્ત હોવાથી તેઓ મોટર સાયકલ લેવા ગયા ન હતા. ત્યારબાદ તા. ૦૨/૧૦/૨૦૨૫ના રોજ બપોરે તેમના મિત્રનો ફોન આવતા જાણ થઈ કે ગેરેજની બહાર ચાવી લગાવેલ હાલતમાં રાખેલ ઉપરોક્ત મોટર સાયકલ કોઈ અજાણ્યો ઈસમ નજર સામે ચાવી ચાલુ કરીને લઈ ગયો હતો. જેથી ફરિયાદી તરત જ ગેરેજે પહોંચ્યા બાદ સીસીટીવી ફૂટેજ તપાસતા તા. ૦૨/૧૦/૨૦૨૫ના રોજ બપોરે ૧૩૨૯ થી ૧૩૩૦ કલાક દરમિયાન એક અજાણ્યો ઈસમ મોટર સાયકલ ચોરી કરીને લઈ જતો હોવાનું સ્પષ્ટ દેખાયું હતું. આજુબાજુ તપાસ કરવા છતાં મોટર સાયકલ ક્યાંય મળી ન આવતા પ્રથમ ઓનલાઇન ઈ-એફ.આઈ.આર. નોંધાવી હતી. જે બાદ બી ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરના તરકીયા ગામે દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપાઈ, ત્રણ ઈસમોની ધરપકડ



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના તરકીયા ગામની સીમમાં દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી ઝડપાઈ છે. વાંકાનેર તાલુકા સર્વેલન્સ ટીમે દેશી દારૂ તથા ભઠ્ઠીના સાધનો સહિત રૂ. ૧,૩૦,૧૫૦/-ના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી તેમની સામે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અનુસાર પ્રોહીબીશન અંતર્ગત વિશેષ ડ્રાઈવ અંતર્ગત વાંકાનેર તાલુકા પોલીસ મથકના પી.આઈ. બી.વી. પટેલના માર્ગદર્શનથી તાલુકા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય, તે દરમ્યાન કોન્સ. શક્તિસિંહ પરમાર તથા સામતભાઈ છુછીયાને સંયુક્તમાં મળેલી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના તરકીયા ગામની સીમમાં શેખડો તરીકે ઓળખાતી ખરાબાની જગ્યામાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે સર્વેલન્સ ટીમે તાત્કાલિક રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન દેશી દારૂ બનાવવાનો ગરમ આથો લીટર-૨૦૦ કિ.રૂ.૫,૦૦૦/-, ઠંડો આથો લીટર-૨૦૦ કિ.રૂ. ૫,૦૦૦/-, દેશી દારૂ લીટર-૬૦૦ કિ.રૂ. ૧,૨૦,૦૦૦/- તેમજ ભઠ્ઠીના સાધનો કિ.રૂ.૧૫૦/- મળી કુલ રૂ. ૧,૩૦,૧૫૦/- ના મુદ્દામાલ સાથે આરોપી (૧)વિજયભાઈ ભુપતભાઈ મકવાણા રહે.તરકીયા ગામની સીમમાં તા.વાંકાનેર, (૨)વિપુલભાઈ ભુપતભાઈ મકવાણા રહે. તરકીયા તા. વાંકાનેર અને (૩)વિશાલભાઈ રવજીભાઈ મકવાણા રહે. નાળીયેરી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. આ સાથે વાંકાનેર તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# GPSC પરીક્ષા કારણે મોરબીમાં મતદાર મથકોના વૈકલ્પિક સ્થળોએ બીએલઓ રહેશે હાજર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા કારણે મોરબી શહેરના કેટલાક મતદાન મથકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત ૩ અને ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બીએલઓ મૂળ મતદાન મથકના બદલે વૈકલ્પિક સ્થળે હાજર રહેશે. જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા તમામ મતદારોને પોતાના મતદાન મથક સામે દર્શાવેલા વૈકલ્પિક સ્થળે જવાનું સૂચન કરવામાં આવ્યું છે.

ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત તા. ૦૩/૦૧/૨૦૨૬ (શનિવાર) અને તા. ૦૪/૦૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ બીએલઓની હાજરી રાખવાની હતી. પરંતુ તા. ૦૪/૦૧/૨૦૨૬ના રોજ દ્વારા રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા યોજાનાર હોવાથી, મોરબી શહેરના કેટલાક મતદાન મથકો આવેલી શાળાઓ પરીક્ષા કેન્દ્ર તરીકે ઉપયોગમાં લીધી હોવાને કારણે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, મોરબી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માત્ર મતદાન મથકના સ્થળ સામે દર્શાવેલા વૈકલ્પિક સ્થળે જ બીએલઓ હાજર રહેશે. મતદારોને મૂળ મતદાન મથકે નહીં પરંતુ તેના સામેના વૈકલ્પિક સ્થળે જ મતદારયાદી સુધારણા માટે સંપર્ક કરવાનો રહેશે.

જેમાં વીસી હાઈસ્કૂલના મતદારોએ વૈકલ્પિક સ્થળમાં બુનિયાદી પ્રા. શાળા વીસી ફાટક સામે મોરબી ખાતે જવાનું રહેશે. તેવી જ રીતે નીલકંઠ વિદ્યાલય માટે વૈકલ્પિક અજંતા વિદ્યાલય વિવેકાનંદનગર-૩ આલાપ રોડ મોરબી, જ્યારે ઓમશાંતી અને નવયુગ વિદ્યાલય એમ બન્ને સ્કૂલ માટે વૈકલ્પિક સ્થળ સ.વ.પ. કન્યા વિદ્યાલય ખાતે જવાનું રહેશે. આ ઉપરાંત જ્ઞાનપથ વિદ્યાલય માટે વૈકલ્પિક સ્થળ તરીકે રાધેક્રિષ્ના વિદ્યાલય આંબાવાડી છાત્રાલય રોડ મોરબી ખાતે જવાનું રહેશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# જામનગરમાં વીજચોરી પકડવા વીજ વિભાગની ૩૫ ટીમે ચેકિંગ હાથ ધર્યું

જામનગર શહેરમાં વીજ ચોરી પકડવા માટે પીજીવીસીએલની ચેકિંગ સ્કવૉડ દ્વારા વહેલી સવારથી મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા હતા. શહેરના સંખ્યાબંધ વિસ્તારોને નિશાન બનાવીને આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરોડામાં પીજીવીસીએલ વીજ વિભાગની કુલ ૩૫ ટીમ જોડાઈ હતી. બેડી, બેડેશ્વર, પંચવટી, સતવારા વાડ, દરબારગઢ, લીમડા લેન, ગાંધીનગર અને મોમાઈનગર સહિત શહેરના મધ્ય તેમ જ છેડાના વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી. પીજીવીસીએલની આ કાર્યવાહીમાં વડોદરા અને રાજકોટથી આવેલી વિજિલન્સ ટીમો પણ સ્થાનિક ટીમો સાથે જોડાઈ હતી. સુરક્ષાવ્યવસ્થા જાળવવા માટે પોલીસના જવાનોની મદદ પણ લેવામાં આવી હતી. ઘણા સમય બાદ શહેરમાં આટલા મોટાપાયે વીજચોરી પકડવા માટે ચેકિંગ હાથ ધરાયું છે. આ કાર્યવાહી દરમિયાન વીજચોરી કરતા જોડાણો કાપવામાં આવી શકે છે.સૂત્રોના જણાવ્યાં પ્રમાણે સૌરાષ્ટ્રમાં જામનગરમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ સૌથી વધુ છે. વીજળીનો પુરવઠો વધુ હોય છે, પરંતુ તેની સામે બિલિંગ ઓછું થાય છે, જે વીજચોરીની આશંકાઓ સેવાઈ રહી હતી.

# જામનગરમાં જુમ્મા મસ્જીદમાં થયેલી રોકડની ચોરીનો ભેદ ઉકેલાયો એક આરોપીને ઝડપી લેતી પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ચાંદી બજાર વિસ્તારમાં આવેલી જુમ્મા મસ્જિદની ઓફિસમાંથી ગત તારીખ ૧૬.૧૧.૨૫ની રાત્રિના રૂ.૭૫ હજારની રોકડ રકમની ચોરી નો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે એક આરોપીને અટકાયતમાં લઇ તેની પાસેથી રૂ.૭૫ હજારની રોકડ કબજે કરી છે.

જામનગર સીટી એ ડીવી. પો.સ્ટે. ના પોલીસ ઇન્સપેકટરના માર્ગદશન મુજબ જામનગરના ચાંદી બજાર સર્કલમાં આવેલ જુમ્મા મસ્જીદ ટ્રસ્ટની મસ્જીદની મેઈન ઓફીસના કબાટમાંથી રોકડા રૂ.૭૫,૦૦૦ની રોકડ રકમની ચોરી થવા પામી હતી. જે અંગે પોલીસ સ્ટાફના માણસો બનાવ સ્થળના કમાન્ડ કંટ્રોલના સીસીટીવી ફુટેજ આધારે તેમજ ટેકનીકલ એનાલીસીસના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન પોલીસ સ્ટાફને મળેલી બાતમીના આધારે નુરી ચોકડી અન્નપુર્ણા મંદિરના ગેઈટની સામે રોડ ઉપરથી આરોપી મોહમદ હુશેન મોહમદમુતકા સીદીકી જાતે (ઉ.વ.૪૩, રહે. નાગપુર વોરાની ચાલી, રાજપુર, ગોમતીપુર, અમદાવાદ)ને પકડી પાડયો હતો. અને આરોપી પાસેથી રોકડા રૂ.૭૫,૦૦૦ કબજે કર્યા હતા.

# ભૂલી પડેલી મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી ગોંડલ ૧૮૧ અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ અભયમ ટીમે માનવતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં ત્રણ દિવસથી ભૂલી પડેલી મહિલાને તેના પરિવાર સુધી સહીસલામત પહોંચાડી હતી.




અભયમ મહિલા હેલ્પલાઈન પર જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે,આશરે ૩૦ વર્ષની ઉંમરની મહિલા ગોંડલ વિસ્તારમાં મળી આવી છે, જે રસ્તો ભૂલી ગયેલ હોવાથી મદદની જરૂર છે. કોલ મળતાં જ ગોંડલ સ્થિત ૧૮૧ ટીમના કાઉન્સલર ચૌધરી લતાબેન સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચ્યા અને જાગૃત નાગરિક તથા સ્થાનિક લોકો પાસેથી જરૂરી માહિતી મેળવી હતી. પ્રાથમિક વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે પીડિત મહિલા દાહોદ જિલ્લાના ગાંગરડી ગામની રહેવાસી છે. તેઓ તેમના બહેનના ઘરે ગયા બાદ ત્યાંથી પતિ તથા સાસુ-સસરા પાસે જવા નીકળ્યા હતા, પરંતુ રસ્તો ભૂલી જતા ગોંડલ નજીક પહોંચી ગયા હતા.

ટીમ દ્વારા મહિલાએ દર્શાવેલા માર્ગના આધારે તપાસ આગળ વધારતાં મહિલાને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. અભયમ ટીમે પીડિત મહિલા તથા તેના પરિવારજનોને કાયદાકીય માહિતી, સલાહ અને માર્ગદર્શન આપ્યું હતું. મહિલાએ પરિવાર સાથે રહેવાની ખાતરી આપી હતી અને સાસુ-સસરાએ પણ તેની યોગ્ય દેખરેખ રાખવાની બાંયધરી આપી હતી. સમગ્ર કામગીરી બદલ મહિલા તથા તેના પરિવારે અભયમ ટીમનો આભાર માન્યો હતો.

# હળવદમાં પ્રેમ સંબંધની શંકાએ યુવકના પરિવાર પર હુમલો, ત્રણ સામે ફરિયાદ નોંધાઈ

## હળવદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી એક આરોપીની કરી અટકાયત, બે ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદમાં બહેન સાથે પ્રેમ સંબંધની શંકા રાખી યુવકના ઘરમાં ઘુસી તેના પરિવાર ઉપર હુમલો કર્યા અંગેની ઘટના સામે આવી છે. જેમાં આરોપીઓએ ઘરમાં ઘુસી તલવાર અને ધોકાથી ફરીયાદી સહિત પરિવારની મહિલાઓને ઈજા પહોંચાડી હતી. હાલ હળવદ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી, એક આરોપીની ધરપકડ કરી છે. જ્યારે અન્ય બે આરોપીઓની અટક કરવા શોધખોળ ચાલુ છે.

મળતી માહિતી મુજબ, હળવદ માર્કેટિંગ યાર્ડ સામે રહેતા મુકેશભાઈ રતનજીભાઈ બારૈયા ઉવ.૪૫ એ હળવદ પોલીસ સમક્ષ આરોપી ગોપાલ લીલાભાઈ કોળી, મનસુખ લીલાભાઈ કોળી તથા મહેશ ઉર્ફે મલો ભોલાભાઇ કોળી રહે.બધા હળવદ ભવાનીનગર ઢોરા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં ઉપરોક્ત ત્રણેય આરોપીઓએ ફરીયાદીના દીકરા સાથે પોતાની બહેનના પ્રેમ સંબંધની શંકા રાખી ગઈ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ રાત્રે ઘરમાં તલવાર, ધોકા સાથે ઘરમાં ઘુસી, ફરીયાદીના માથાના ભાગે તલવાર તથા બન્ને હાથમાં ધોકાથી ઘા મારી ગંભીર ઈજા કરી હતી. આ દરમિયાન ઘરમાં રહેલ મહિલાઓ ઉપર પણ ધોકા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ત્રણેય આરોપીઓ નાસી ગયા હતા.

હળવદ પોલીસે ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ ત્વરિત કાર્યવાહી કરી આરોપી મહેશ ઉર્ફે મલો ભોલાભાઈ કોળીની ગઈકાલ તા.૦૨/૦૧/૨૦૨૬ના રોજ ધરપકડ કરી છે, જ્યારે આરોપી ગોપાલ લીલાભાઈ કોળી અને મનસુખ લીલાભાઈ કોળીની અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે.



પ્રથમ જ્યોતિર્લિંગના દર્શન કરી ધન્યતા અનુભવતા રિલાયન્સ ગ્રૂપના ચેરમેન મુકેશ અંબાણીએ પરિવાર સાથે સોમનાથ મહાદેવના ચરણે શીશ ઝુકાવ્યું, નીતા અંબાણી અને પુત્ર અનંત અંબાણીની ઉપસ્થિતિમાં મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરી સોમનાથ મંદિર ટ્રસ્ટને ૫ કરોડ રૂપિયાનું શિવાર્પણ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

# પુર્ણિમા સ્નાન સાથે 'માધ મેળા'નો પ્રારંભ

પોસ પુર્ણિમાએ પુણ્યની પવિત્ર ડુબકી સાથે જ ત્રિવેણી તટ પર દોઢ મહિના સુધી ચાલનારા માધ મેળાનો પ્રારંભ થયો હતો. ૩૦ લાખ શ્રદ્ધાળુઓ માધ મેળામાં સામેલ થવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. માધ મેળા માટે કુંભ જેટલી જ વ્યવસ્થા કરવામાં આવી છે. પવિત્ર સ્નાન માટે આવતા શ્રદ્ધાળુઓ માટે ઘાટ પર ૨૫૦૦૦થી વધુ ચેન્જીંગ રૂમ બનાવવામાં આવ્યા છે.

# જામનગર જિલ્લામાં ચાઈનીઝ દોરા તથા તુક્કલના ઉત્પાદન, ઉપયોગ તથા વેચાણ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. મકરસંક્રાંતિ દરમિયાન જામનગર જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવે છે. પતંગના દોરાઓ સાથે પશુ-પંખીઓ ફસાઈને ઘાયલ થતા હોય છે. તેમજ ઓડિયો મેગ્નેટિક ટેપની મદદથી પાવર લાઈનની નજીક પતંગ ઉડાડતી વખતે જાહેર જનતા સાથે વિદ્યુત અકસ્માત થવાની પણ સંભાવના રહે છે. પતંગ ઉડાડવાના હેતુથી ચાઈનીઝ તુક્કલ.લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, કાચ કોટેડ દોરી, સિન્થેટિક કોટિંગવાળી દોરી, નાયલોન દોરી વગેરેના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. તા.૨૭-૧-૨૦૨૬ સુધી અમલી જાહેરનામાં મુજબ, ચાયનીઝ તુક્કલ.લેન્ટર્ન, ચાયનીઝ માંઝા, કાચ કોટેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કે ઉપયોગ કરી શકાશે નહીંતેમજ દોરી બનાવવા માટે પ્લાસ્ટીક, સીન્થેટીક કે ટોક્ષીક મટીરીયલનો ઉપયોગ કરી શકાશે નહીં. પતંગ ઉડાડવાની દોરીને લોખંડ પાવડર કે કાચથી કોટીંગ કરી શકાશે નહીં. મેટાલીક દોરાઓ, ઓડિઓ મેગ્નેટિક ટેપ તથા પ્લાસ્ટીક એર બલૂન કે જે વિદ્યુત વાહક છે તનો ઉપયોગ કરી શકાશે નહીં.કોઇ પણ ચીજ-વસ્તુ કે જે પતંગ ઉડાડવા વપરાશમાં આવતી હોય જેનાથી વિદ્યુત અકસ્માત થવાની કે પછી પશુ-પક્ષી અને માનવના જાન-માલને હાની થવાની સંભાવના હોય તેનો ઉપયોગ કરી શકાશે નહીં.પતંગ ઉડાડવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકોની મદદથી કાચના પાવડરનું કોટીંગ કરેલી ઓછી તીક્ષ્ણ-શક્તિ ધરાવતી કોટનની દોરી જે સંપૂર્ણપણે તૂટી શકે તેમ હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય જેની બનાવટમાં તમામ બાયો-ડિગ્રેડેબલ ઘટકોનો ઉપયોગ કરવામાં આવેલ હોય તેવી દોરીનો ઉપયોગ કરી શકાશે.એવી દોરી કે જેના તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થોના ઉપયોગથી બનેલ છે તેનો ઉપયોગ કરી શકાશે.કોટનની દોરી કે જેના કોટીંગ માટે ૧૦% થી વધુ કાચના પાવડરનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરી શકાશે.ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોય શકે તથા કાચનો પાઉડર જે કોટીંગ પદાર્થનો ૧૦%, હોઈ શકે છે. પરંતુ તે કોટનના માંજાના ફૂલ વજનના ૦.૫% થી વધુ ન હોય તેવી કોટનની દોરી વાપરી શકાશે.આ પ્રતિબંધોનો હેતુ માનવજીવન, પક્ષીઓ અને પ્રાણીઓની સુરક્ષા તથા પર્યાવરણનું રક્ષણ સુનિશ્ચિત કરવાનું છે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ.ઈ.ચા. એસ.એમ.કાથડ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં આંગડીયા પેઢીના વહીવટદાર અને માલિક સામે રૂ.૪૬ લાખની ઠગાઈની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જુના બસ સ્ટેન્ડ નજીક ધરતી ટાવરમાં આવેલી ડી. બાબુલાલ આંગડીયા પેઢીમાં ટ્રાન્સપોર્ટના ભાડાના રૂપિયા જમા કરાવી બાદમાં આ રૂપિયા ન આપવાના મામલે વહીવટદાર અને પેઢી માલિક સામે રૂ.૪૬ લાખથી વધુની ઠગાઈ તથા વિશ્વાસઘાત કર્યા અંગેની મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના કચ્છ સ્થિત ટ્રાન્સપોર્ટના બે ધંધાર્થીઓએ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી આંગડીયા પેઢીના માલીક તથા વહીવટદાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી શહેરમાં ધરતી ટાવરમાં ડી. બાબુલાલ આંગડીયા પેઢી સામે મોટાપાયે નાણાકીય ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. જેમાં ભુજ તાલુકાના માધાપર હાઈવે વિસ્તારમાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા ફરિયાદી કલ્પેશભાઈ રમેશભાઈ ઠક્કરે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી આંગડીયા પેઢીના વહીવટદાર દિલીપસિંહ કનુભાઈ ગોહિલ રહે.પંચાસર તા.શંખેશ્વર જી.પાટણ તથા આરોપી આંગડીયા પેઢીના માલીક જગદીશભાઈ ઉર્ફે જગાભાઈ પટેલ રહે.સેટેલાઇટ ચોક પુષ્કરધામ એવન્યુ રાજકોટ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી કલ્પેશભાઈ છેલ્લા આઠ વર્ષથી શ્રી માધવ ફ્રેઈટ કેરીયર નામે ટ્રાન્સપોર્ટ ચલાવે છે અને જી.એમ.ડી.સી. માઈન્સમાંથી નીકળતા લિગ્નાઈટ કોલસાનું મોરબી સહિતના વિસ્તારોમાં ટ્રક મારફત પહોંચાડવાનું કામ કરે છે. ત્યારે આ ટ્રાન્સપોર્ટના ટ્રકના ભાડાના રૂપિયા અલગ અલગ સિરામિક કારખાનાઓમાંથી ઉપરોક્ત આંગડીયા પેઢીમાં જમા કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ભાડાની રકમ ડી. બાબુલાલ આંગડીયા પેઢીના વહીવટદાર દિલીપસિંહ કનુભાઈ ગોહીલ પાસે જમા કરાવવામાં આવતી હતી, ત્યારે ગયા ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન અલગ-અલગ સમયે રૂ.૨૪,૯૬,૮૫૦/- ટ્રાન્સપોર્ટ ભાડાના રૂપિયા આંગડીયા પેઢીમાં જમા કરાવાયા હતા. આ ઉપરાંત અન્ય ટ્રાન્સપોર્ટર સુનીલભાઈ નરેન્દ્રભાઈ ઠક્કરના રૂ.૨૧,૯૩,૮૫૦/- પણ આંગડીયા પેઢીમાં જમા કરાવવામાં આવ્યા હતા. એમ કુલ બન્ને ટ્રાન્સપોર્ટના ભાડાના રૂ.૪૬,૯૦,૭૦૦/- આ આંગડીયા પેઢીમાં વહીવટદાર આરોપી દિલીપસિંહ પાસે જમા થયા હતા. જે બાદ આરોપી દિલીપસિંહ ગોહીલ રાતો રાત કચ્છ જવાનું કહી અચાનક ગાયબ થઈ ગયો હતો અને તેના મોબાઈલ ફોન બંધ આવવા લાગ્યા હતા. ત્યારબાદ પેઢીના માલિક જગદિશભાઈ પટેલને જાણ કરતા તેમણે ફરિયાદી અને સાક્ષીઓને ''રૂપિયા ગમે તે રીતે આપી દઈશ'' તેમ કહી વિશ્વાસ આપ્યો હતો, પરંતુ આજદિન સુધી કોઈ રકમ ચૂકવવામાં આવી નથી. હાલ એ ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી) નજીક રોડ પર સ્પીડમાં આવતું બાઈક ભેંસ સાથે અથડાતા યુવાનનું સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના વિશાલનગર ગામ નજીક રોડ ઉપર ફૂલ સ્પીડે ચલાવી આવતું બાઈક ભેંસ સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક યુવાનને ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે માળીયા(મી) પોલીસે અકસ્માત સર્જનાર મૃતક બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, ગઈ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ માળીયા(મી) તાલુકાના વિશાલનગરથી સુલતાનપુર ગામ વચ્ચે આવેલા કોઝવે પાસે અકસ્માતની ઘટના બની હતી. જેમાં હળવદ તાલુકાના મીયાણી ગામના રહેવાસી અજયભાઈ કરશનભાઈ ઝીઝુંવાડીયા ઉવ.૨૫ પોતાનું હિરો કંપનીનું સ્પ્લેન્ડર મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એઈ-૦૬૧૩ લઈને ફૂલ સ્પીડમાં અને ગફલતભરી રીતે ડ્રાઈવિંગ લાયસન્સ વગર જતા હતા ત્યારે અચાનક રોડ ઉપર ભેંસ આવી જતા બાઈક ભેંસ સાથે અથડાયું હતું. ત્યારે આ અકસ્માતમાં બાઈક ચાલક અજયભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. ત્યારે માળીયા(મી) પોલીસ મથકમાં મૃતક અજયભાઈના ભાઈ ગોપાલભાઈ કરશનભાઈ ઝીઝુંવાડીયાની ફરિયાદને આધારે પોલીસે આરોપી બાઈક ચાલક અજયભાઈ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વ્હીકલ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લાની ગૌશાળા-પાંજરાપોળ માટે સહાય મેળવવા અરજી પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્ય સરકાર દ્વારા ગૌવંશના જતન અને સંવર્ધન માટે અમલી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સહાય મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જામનગર જિલ્લાની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને ઓક્ટોબર-૨૦૨૫ થી ડિસેમ્બર-૨૦૨૫ ના ત્રિમાસિક ગાળાની સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ-૨.૦ પર ઓનલાઇન અરજી કરવા જણાવાયું છે.આ યોજના હેઠળ ગાય અને ભેંસ વર્ગના પશુઓના નિભાવ માટે સહાય આપવામાં આવે છે. લાયકાત ધરાવતી સંસ્થાઓએ સુધી.૧૫/૦૧/૨૦૨૬ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ પર અચૂક અરજી કરવાની રહેશે. યોજનાના ઠરાવ, શરતો અને અન્ય વિગતો ગૌસેવા આયોગની સત્તાવાર વેબસાઈટ http:gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.અરજી પ્રક્રિયા અંગે સૂચના આપતા જામનગર જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામકએ જણાવ્યું છે કે, લાભાર્થી સંસ્થાઓએ પોર્ટલ પર લોગઈન કરી અરજી નોંધ્યા બાદ તેને ફરજિયાતપણે 'સબમિટ' કરવાની રહેશે. માત્ર ડ્રાફ્ટ કે પેન્ડિંગ રાખેલી અરજીઓ માન્ય ગણાશે નહીં. ઓનલાઇન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ મેળવી, જરૂરી તમામ સાધનિક કાગળો બિડાણ કરી ૨૧ દિવસની અંદર નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયતની કચેરી ખાતે જમા કરાવવાની રહેશે.

ખાસ નોંધ લેવી કે, જો નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અરજી કરવામાં નહીં આવે અથવા અરજી કર્યા બાદ દિન-૨૧માં જરૂરી દસ્તાવેજો કચેરીએ રજૂ નહીં કરવામાં આવે, તો તેવા કિસ્સામાં સંસ્થા સહાય મેળવવા પાત્ર રહેશે નહીં અને અરજી રદ ગણવામાં આવશે. જિલ્લાની તમામ પાત્રતા ધરાવતી ગૌશાળાઓ અને પાંજરાપોળને આ સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

# વાંકાનેરના પંચાસીયામાં યુવતીનો પીછો કરી પ્રેમસંબંધ ચાલુ રાખવા દબાણ કરનાર શખ્સ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામમાં યુવતીને અવારનવાર હેરાન કરી પ્રેમસંબંધ ચાલુ રાખવા દબાણ કરવાના બનાવમાં એક શખ્સ સામે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. યુવતીએ સંબંધ રાખવાની ના પાડ્યા છતાં આરોપી સોશિયલ મીડિયામાં ફોટા મૂકીને તથા પીછો કરીને માનસિક ત્રાસ આપતો હોવાની યુવતી દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ ૭૮ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, પંચાસીયા ગામની એક યુવતી સાથે આરોપી વિજયભાઇ મોહનભાઇ ચાવડા રહે-પંચાસીયા તા.વાંકાનેરને અગાઉ પ્રેમસંબંધ હતો. બાદમાં પરિવારને આ બાબતની જાણ થતાં યુવતીએ સંબંધ આગળ ન રાખવાનો નિર્ણય કર્યો હતો. તેમ છતાં આરોપી વિજયભાઈ યુવતીને પ્રેમસંબંધ રાખવા દબાણ કરતો અને ગામમાં કે અન્ય સ્થળે યુવતી જાય ત્યારે પાછળ પાછળ પીછો કરતો હતો. આ સિવાય અગાઉ લીધેલા યુવતી સાથેના ફોટા તેના વોટ્સએપ સ્ટેટસ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર મૂકીને યુવતીને બદનામ કરવાનો પ્રયાસ કરતો હતો. જેથી આખરે આ માનસિક ત્રાસથી કંટાળી ભોગ બનનાર યુવતીએ આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં કાલે યોજાનાર રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પરીક્ષા અન્વયે જાહેરનામું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત જાહેરાત ક્રમાંક ૨૭.૨૦૨૫-૨૬ રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની લેખિત પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે.જામનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર્સ અને કોપીયર મશીન પરીક્ષાના સમય દરમિયાન બંધ રહે, તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ અને અન્ય અનધિકૃત સાહિત્ય વગેરે સાથે ના લઈ જાય તે માટે પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.ઈ.ચા. એસ.એમ.કાથડ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નિર્ધારિત કરવામાં આવેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં આવતા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ અને અંગત ઉપયોગ માટે વપરાશ કરતા કોપીયર મશીન ધારકોએ આગામી તા.૦૪ જાન્યુઆરીના રોજ સવારના ૧૦૩૦ કલાકથી બપોરના ૧૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીન દ્વારા પરીક્ષા વિષયક પત્રો અને દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં.આ ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનધિકૃત સાહિત્ય સાથે પ્રવેશ કરી શકશે નહીં. તથા પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક હુકમમાં જણાવવામાં આવ્યું છે. આ જાહેરનામાંનો ભંગ કરનારી વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

જામનગર જિલ્લામાં પરીક્ષા માટે જાહેર કરાયેલા પરીક્ષા કેન્દ્રોની યાદી.નેશનલ હાઈસ્કૂલ, આર.આર.શાહ હાઈસ્કૂલ, નંદન માધ્યમિક શાળા, એલ.જી.હરિયા સ્કૂલ, જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઇસ્કુલ, શિશુવિહાર હિન્દી હાઇસ્કૂલ, જી.એસ. મહેતા કન્યા વિદ્યાલય, ભવંસ એ કે. દોશી વિદ્યાલય, ડી એસ. ગોજીયા વિદ્યાલય,સત્યસાંઇ વિદ્યાલય.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વિકાસના વૈશ્વિક પથ પર આગળ વધતા રાજકોટને નવો વેગ આપશે

## સ્થાનિક શક્તિથી વૈશ્વિક સપનાઓ સુધી પહોંચતું રાજકોટ

**આલેખન - હેમાલી ભટ્ટ**

વિકાસ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાનું કેન્દ્ર બની રહેલું રાજકોટ હવે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સાથે વૈશ્વિક મંચ પર પોતાની મજબૂત હાજરી નોંધાવવાનું છે. રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે ૧૧ જાન્યુઆરીએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ તથા ટ્રેડ શોનો ઉદઘાટન સમારોહ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાશે. આ કોન્ફરન્સ ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતાઓ, MSME શક્તિ અને સ્ટાર્ટઅપ સંભાવનાઓને નવી દિશા આપશે.

'રીજીયોનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન' થીમ સાથે યોજાનાર આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ-નિષ્ણાતો એક મંચ પર આવશે. અત્યાર સુધીમાં હજારો રજિસ્ટ્રેશનો અને અનેક આંતરરાષ્ટ્રીય ટ્રેડ ઓર્ગેનાઇઝેશનોની ભાગીદારી આ કોન્ફરન્સની વૈશ્વિક વિશ્વસનીયતા દર્શાવે છે. ડિફેન્સ, એરોસ્પેસ, ગ્રીન એનર્જી, MSME, સ્ટાર્ટઅપ્સ અને નવી ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં યોજાનારા સેમિનાર, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને B2B સંવાદો રાજકોટને ઔદ્યોગિક વિકાસ માટે નવી તકો ઉજાગર કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ નાગરિક સુવિધાઓમાં ગુણવત્તામાં સુધાર, રોજગારની નવી તકો, ટેકનોલોજી આધારિત સેવાઓ અને જનકલ્યાણની અસરકારક યોજનાઓના અમલીકરણને કારણે રાજકોટને ''વાઈબ્રન્ટ'' ઓળખ મળી. સરકાર-તંત્ર -જનસહયોગના સુમેળથી રાજકોટને ગતિ મળવાની સાથે દિશા પણ મળી.

વર્ષ ૨૦૨૫ રાજકોટ માટે વિકાસ, વિશ્વાસ અને વૈભવનો સુવર્ણ અધ્યાય સાબિત થયો. રાજકોટ એ વર્ષ દરમિયાન સર્વાંગી વિકાસની નવી ઊંચાઈઓ સ્પર્શી. મુખ્યમંત્રીના સશક્ત નેતૃત્વ અને સરકારની દ્રઢ પ્રતિબદ્ધતાના પરિણામે શહેરને અનેક મહત્ત્વાકાંક્ષી અને લોકહિતકારી પ્રકલ્પોની અમૂલ્ય ભેટ મળી. આજે, આવા જ પ્રેરણાદાયક અને પરિવર્તનકારી પ્રકલ્પોની વાત કરીએ, જેમણે વર્ષ ૨૦૨૫ને રાજકોટના વિકાસ ઈતિહાસમાં સ્મરણિય બનાવ્યું.

હિરાસર ગ્રીનફીલ્ડ એરપોર્ટ સૌરાષ્ટ્રના સર્વાંગી વિકાસનું પ્રતિક બનીને ગુજરાતને નવી ઉંચાઈએ લઈ જવાનું કાર્ય કરી રહ્યું છે. આ એરપોર્ટ અમદાવાદ-રાજકોટ હાઈવે પર સ્થિત હોવાના કારણે લોજિસ્ટિક્સ સંબંધિત સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે, મોરબીનો સિરામિક ઉદ્યોગ તેમજ જામનગર અને આસપાસના અન્ય ઉદ્યોગો માટે પણ આ એરપોર્ટ લાભદાયી સાબિત થઈ રહ્યું છે. ટ્રાવેલ લોજિસ્ટિક્સ, હોટેલ ઉદ્યોગ, રેસ્ટોરાં, વેરહાઉસિંગ, કાર્ગો હેન્ડલિંગ અને ક્લીયરિંગ બિઝનેસને નવી દિશા મળી છે.

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ શહેરમાં નવનિર્મિત અદ્યતન સાયબર સેન્ટીનલ્સ લેબ તેમજ માઉન્ટેડ પોલીસ લાઇન ખાતે રૂ. ૨૯૨૬ લાખના ખર્ચે નિર્મિત બી-કક્ષાના ૧૦૮ પોલીસ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ફાઈનાન્સિયલ તથા સોશિયલ નુકસાનની રિકવરી અને ડિજિટલ હેરેસમેન્ટના કેસોના ઝડપી નિરાકરણમાં ગુજરાત રાજ્ય આજે અગ્રેસર બની રહ્યું છે. આવા પડકારોને અસરકારક રીતે કાબૂમાં લેવા માટે આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાયબર સેન્ટીનલ્સ લેબ સમયની મહત્વની જરૂરિયાત છે. રાજકોટ પોલીસ દ્વારા વિકસાવવામાં આવેલા પાંચ જેટલા સોફ્ટવેર ડિજિટલ ગુનાઓ અટકાવવામાં વધુ મદદરૂપ બની રહ્યા છે.

# ઝનાના હોસ્પિટલની મહિલા સફાઈ કામદારના ઘરમાંથી ૫.૫૦ લાખની ચોરી

## નાઈટ શિફ્ટ હોવાથી નોકરી પૂરી કરીને ઘર આવ્યા તે પહેલાં તસ્કરો ત્રાટક્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઝનાના હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતા મહિલા સફાઈ કામદારના ઘરમાંથી ૫.૫૦ લાખની ચોરી થતાં યુનિવર્સિટી પોલીસ મથક દ્વારા ચોરીને અંજામ કરનારા તસ્કરની શોધખોળ શરૂ કરાઈ હતી. આ બનાવ અંગે ની માહિતી મુજબ રૈયાધાર ટાઉનશિપમાં એ-વિંગમાં ચોથા માળે રહેતા નૂતનબેન જગદીશભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે છેલ્લા બે મહિનાથી સોરઠિયા પ્લોટ શેરી નં.૧/૩ના ખૂણે અનીલ પાનની સામે કેનાલ રોડ પર પિતાની તબિયત ખરાબ હોવાથી તેઓ ત્યાં મોટા બહેન સહિતના સાથે રહેતા હતા. દરમિયાન ૩૧ ડિસેમ્બરે બપોરે ૧૨:૩૦ વાગ્યા આસપાસ નૂતનબેન અને તેમના સાસુ પિતાને ત્યાં શાંતિનગર ગેઈટ પાસે આયુષ મેડિકલની સામે ગયા હતા. અહીંથી નાઈટ શિફ્ટ હોવાથી તેઓ ઝનાના હોસ્પિટલે ગયા હતા. નોકરી પૂર્ણ કરીને ૧ ડિસેમ્બરે સવારે ૯૩૦ વાગ્યે રૈયાધાર ખાતે પોતાના ઘેર પહોંચ્યા ત્યારે દરવાજાનું તાળુ ખોલી ઘરમાં જતાં જ રૂમનો દરવાજો ખુલ્લો હતો અને રૂમમાં લોખંડના કબાટમાં રાખેલો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. કબાટમાંથી ૩.૫ તોલાની સોનાની હાંસડી, એક જોડી સોનાની બૂટી સહિતના ઘરેણા તેમજ ૪૦,૦૦૦ની રોકડની ચોરી થયાનું ધ્યાન પર આવ્યું હતું. એકંદરે નૂતનબેનની ગેરહાજરીનો લાભ લઈ તેમના ઘરમાંથી ૫.૫૦ લાખની ચોરી થયાની ફરિયાદ નોંધાતાં પોલીસે ચોરી કરનારની શોધખોળ શરૂ કરી હતી.

# મોરબીમાં રાષ્ટ્રભક્તિનો અનોખો સંગમ સરદાર કથાનું ત્રિદિવસીય ભવ્ય આયોજન

## કન્યા છાત્રાલયના આંગણે ગુંજશે રાષ્ટ્રપ્રેમનો નાદ, લોહપુરુષ સરદાર પટેલના જીવન ચરિત્ર પર આધારિત પ્રેરક કથા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પ્રથમ વખત પરંપરાગત ધાર્મિક કથાઓથી અલગ એક રાષ્ટ્રપ્રેરક પહેલ રૂપે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને વિચારો પર આધારિત સરદાર કથાનું આયોજન કરવામાં આવ્યું છે. નિર્શિવ ફાઉન્ડેશન સહિતના આયોજકો દ્વારા આગામી ૫, ૬ અને ૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કન્યા છાત્રાલય ખાતે રાત્રે ૯ થી ૧૨ દરમિયાન યોજાનાર છે. આ કથાના વક્તા શૈલેષ સગપરિયાના મુખે સરદાર સાહેબના જીવનદર્શનની પ્રેરક ગાથા શ્રોતાઓમાં નવી રાષ્ટ્રચેતના જગાવશે.

સામાન્ય રીતે સમાજમાં રામકથા, ભાગવત કથા જેવી ધાર્મિક કથાઓનું શ્રવણ થતું હોય છે, પરંતુ મોરબીના આંગણે હવે એક ક્રાંતિકારી અને અનોખી વિચારધારાની શરૂઆત થવા જઈ રહી છે. અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, ત્યાગ અને અડગ સંકલ્પને કેન્દ્રમાં રાખી સરદાર કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિદિવસીય રાષ્ટ્રયજ્ઞ આગામી ૫, ૬ અને ૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મોરબીના કન્યા છાત્રાલય ખાતે રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી યોજાશે. આ કથાના વક્તા તરીકે જાણીતા પ્રેરક વક્તા અને ભૂતપૂર્વ ક્લાસ-૧ અધિકારી શૈલેષ સગપરિયા ઉપસ્થિત રહેશે. તેમના પ્રભાવશાળી અને અસ્ખલિત વક્તવ્ય દ્વારા સરદાર પટેલના જીવનપ્રસંગો, રાષ્ટ્રપ્રેમ, એકતાનો મંત્ર અને દ્રઢ નેતૃત્વની ગાથા શ્રોતાઓ સુધી પહોંચશે.

આજના સમયમાં જ્યારે રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમની ભાવના વધુ મજબૂત કરવાની જરૂરિયાત છે, ત્યારે આવો કાર્યક્રમ સમાજમાં નવી ચેતનાના બીજ રોપવાનું કાર્ય કરશે. આ ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન નિર્શિવ ફાઉન્ડેશન, કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ તથા ગોપાલભાઈ ચમારડી દ્વારા કરવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ આ માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ રાષ્ટ્રવંદનાનો અવસર છે, જેમાં જોડાઈને દરેક નાગરિક સરદાર સાહેબના વિચારોથી પ્રેરણા લઈ શકે છે. ત્યારે મોરબીની રાષ્ટ્રપ્રેમી જનતાને આ સરદાર કથાનો લાભ લેવા માટે આયોજકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મવડી પ્લોટની વૃંદાવન સોસાયટીના રહેણાંક મકાનમાંથી ૭૬ હજારના દારૂ સાથે બુટલેગર ઝડપાયો

## ફેમેલી કોર્ટના સજાના વોરંટ બાદ નાસતા ફરતા શખ્સને દબોચી લેતી પેરોલફલો સ્કવોડ






**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં વૃંદાવન સોસાયટીના રહેણાંક મકાનમાં બાતમીના આધારે ગુન્હાનિવારણ શાખાની ટીમે દરોડો પાડી બુટલેગરને ૪૮૦ દારૂના ચપલા સાથે દબોચી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ ગુન્હાનિવારણ શાખાના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણની સુચનાથી પીએસઆઇ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, હેડ કોન્સ. કુલદિપસિંહ, વિજયભાઇ, કરણભાઇ અને યુવરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, સામાકાંઠે પેડક રોડ પર આવેલ આર્યનગર શેરી નં.૧૩માં રહેતો ધવલ મનસુખ સોજીત્રા નામના બુટલેગરે મવડી પ્લોટમાં આવેલ વૃંદાવન સોસાયટી શેરી નં.૬માં રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો ઉતાર્યો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા મેકડોનલ વિસ્કી ૧૮૦ એમએલની બોટલ નંગ ૪૮૦ કિંમત રૂ.૭૬૮૦૦ના મુદ્દામાલ સાથે નામચીન બુટલેગર ધવલ સોજીત્રાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ સામે માતૃકૃપા સિક્યુરીટી સર્વિસની ઓફિસમાં રહેતો તેજુભા પ્રભાતસિંહ જાડેજા નામનો શખ્સને ફેમેલી કોર્ટમાં સજા થઇ હોય અને સજાનું વોરંટ ઇશ્યુ થયા બાદ નાસતો ફરતો હોય પેરોલફલો સ્કોડએ દબોચી લઇ કોર્ટ હવાલે કર્યો હતો.

# રેસકોર્સમાં હનુમાન ચાલીસા કથાના વીઆઇપી ડોમમાં લાગી આગઃ દુર્ઘટના ટળી

## જન્મોત્સવ કાર્યક્રમની આતશબાજીમાં ફટાકડાનો તણખો ડોમ પર પડતા લાગી આગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હનુમાન ચાલીસા યુવા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં આતશબાજી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે કાર્યક્રમ દરમ્યાન આગ લાગી હોવાની ઘટના સામે આવી હતી. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવીને આગ બુજાવી હતી. જેથી મોટી દુર્ઘટના ટળી હતી.

આ આતશબાજી કાર્યક્રમ દરમ્યાન વીઆઈપી ડોમ પર ફટાકડાનો તણખો પડતા આગ લાગી હતી. ફાયર વિભાગ દ્વારા પાણીનો મારો ચલાવી સંપૂર્ણ આગ પર કાબુ મેળવ્યો હતો. તેવું જાણવા મળે છે. ફાયર બ્રિગેડ દ્વારા જણાવાયું કે, રાત્રે ૧૧:૩૦ વાગ્યા આસપાસ ફાયર બ્રિગેડના મુખ્ય ફાયર સ્ટેશનને કોલ મળ્યો હતો કે, રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં હનુમાન ચાલીસા યુવા કથા ચાલી રહી છે ત્યાં ડોમ ઉપર આગ લાગી છે. ગૌરવભાઈ મહેતા નામના વ્યક્તિએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. કાલાવડ રોડ ફાયર સ્ટેશનની ગાડી, બેડીપરા ફાયર સ્ટેશનની ગાડી, કોઠારીયા ફાયર સ્ટેશનની ગાડી આતશબાજીના કારણે સ્ટેન્ડ બાય હતી. જ્યાં ફાયર બ્રિગેટેડ રૂમ ઉપર પાણીનો મારો ચલાવ્યો હતો. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ, આતરાબાજીનો સંપૂર્ણ કાર્યક્રમ પૂર્ણ થયા ગયા બાદ વીઆઈપી ડોમ ઉપર ફટાકડાનો તડકો પડતા આગ લાગી હતી.

જેથી હાજર રહેલી વોટર ટેન્કર દ્વારા પાણીનો માળો ચલાવવામાં આવ્યો હતો અને વધુ એક ફાયર ટેન્કર દોડાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ હનુમાન ચાલીસા યુવા કથામાં દરરોજ હજારો લોકો કથા શ્રવણ કરવા માટે આવે છે. ગઈકાલે આ કથા દરમિયાન નો ખૂબ જ અગત્યનો કાર્યક્રમ હતો. જતી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા. જોકે આગનો બનાવ કાર્યક્રમ પૂર્ણ થયા નહીં તોડી ક્ષણો બાદ બન્યો હતો. ઉપરાંત આગમચેતીના ભાગરૂપે પ્રથમ જ ફાયર બ્રિગેડની ટીમો સ્ટેન્ડ બાય રખાયું હોવાથી તડકાએ નાની એવી આગનું-રૂપ પકડતા તુરંત જ પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. જેથી કોઈ જાનહાની થઈ નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી. ફાયર બ્રિગેડ સ્ટાફના દિવ્યરાજસિંહ ચુડાસમા, શેખરદાનભાઈ ગઢવી, દિનેશભાઈ ચૌધરી, રાજેરાભાઈ મોરૈયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# નિવૃત જજના પુત્રએ ખોટા પૂરાવા રજૂ કરતા કોર્ટે ગુનો નોંધવા કર્યો આદેશ

## ભરણપોષણ કેસમાં પત્નિ-પુત્રને ૪૦ હજાર ચુકવવા હુકમ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભરણપોષણ કેસમાં ખોટો પુરાવો આપતાં કોર્ટે નિવૃત્ત ડીસ્ટ્રીક્ટ જજના પુત્ર સામે ગુનો નોંધવા હુકમ કર્યો છે. ઉપરાંત ફેમિલી કોર્ટે પત્નીને માસીકુ રૂ.૨૫ હજાર તથા સગીર સંતાનને રૂ.૧૫ હજાર મળીને રૂ.૪૦ હજાર ભરણપોષણ ચુકવવા આદેશ કર્યો છે.

આ અંગે મળતી વિગત અનુસાર, અત્રે રાજકોટ રહેતા અરજદાર પ્રિતીબેન પરેશભાઈ પટેલે, ભઈ પટેલે સામાવાળા તેમના પતિ પરેશભાઈ ચમનલાલ પટેલ (રહે-૪- આફ્રિકા કોલોની, રૈયા ટેલીફોન એકસચેન્જ) વિરુધ્ધ સી.આરપીસી ની કલમ ૧૨૫ હેઠળ પોતાનું તથા સગીર સંતાન આરવ માટે ભરણપોષણ મેળવવા ફેમીલી કોર્ટમાં ગત તા. ૩૦/૭/૨૦૧૮ ના રોજ તેમના વકીલ અલ્પેશ પોકીયા મારફતે અરજી કરેલ હતી. કોર્ટમાં ભરણપોષણની અરજી ચાલતા સામાવાળાએ પોતાના તથા પોતાના પરીવારજનોના નામે કુલ-૩ મિલ્કતો હોવાનું રેકર્ડ પર રજુ કરેલ હતું. અને બાકી કોઈ મિલ્કત કે બેંક ખાતા ધરાવતા ન હોવાનુ સોગંદ ઉપર જાહેર કરેલ હતું. જોકે અરજદારની જુબાની થયા બાદ ૧૧ જેવી બેંકોને સાક્ષી તરીકે બોલાવેલ. તેમના પર્સનલ તેમજ ધંધાકીય વ્યવહારો રેકર્ડ લાવવામાં આવેલ હતા. ત્યારબાદ સામાવાળા ૩ બીઝનેશ પેઢીઓ ધરાવતા હોવાનુ રેકર્ડ પર આવેલ. કુલ-૮ સાહેદો, ૫૦ થી વધુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટે ભરણપોષણની રકમ મંજુર કરી હતી. ઉપરાંત પરેશ ચમનલાલ પટેલ, વિરૂદ્ધ આ અદાલત સમક્ષ સૌગંદ ઉપર ખોટો પુરાવો આપવા બદલ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૯૧,૧૯૨, ૧૯૩ મુજબના ગુન્હાની ફરીયાદ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવાનો સીમાચીહન રૂપ ચુકાદો ફરમાવેલ હતો. આ કેસમાં અરજદાર પ્રીતીબેન વતી એડવોકેટ અલ્પેશ વી. પોકીયા, અમિત ગડારા, વંદના એચ.રાજયગુરૂ, પરેશ મૃગ, ભાર્ગવ જે. પંડયા, કેતન જે. સાવલીયા, ડેનીશ વિરાણી, નીતાબેન વેકરીયા રોકાયેલ હતા.

# રાજકોટ સિવિલમાં તબીબ પર હુમલા પ્રકરણમાં સારવારમાં રહેલા યુવકનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



સિવિલ હોસ્પિટલમાં તબીબ પર થયેલા હુમલા પ્રકરણમાં સારવારમાં રહેલા નેપાળી યુવક બીનય ગોપાલભાઈ થાપા (ઉ.વ.૩૫)નું મૃત્યુ નિપજ્યું છે. બીનપને સર્જરી સમયે લોહીની જરૂરિયાત હતી. લોહી આપવા માટે અયોધ્યા ચોક નજીક રાધા રેસિ.માં રહેતો જયદીપ પિયુષભાઈ ચાવડા સિવિલમાં આવ્યો હતો જ્યાં તેને તબીબ સાથે માથાકૂટ થતાં જયદીપે તબીબ પાર્થ પંડયાને માર માર્યો હતો. હુમલાના વિરોધમાં સિવિલમાં જુનિયર તબીબો હડતાલ પર ગયા હતા. આરોપી ગઈકાલે ગુરૂવારે પકડાતા હડતાલ સમેટાઈ હતી. ત્યાં સારવારગ્રસ્ત પુવકે જ જીવ ગુમાવ્યો હતો. સદર બજારમાં આવેલી હોટલમાં રહેતો નેપાળી યુવક ગત તા.૨૫ના બાઈક સ્લીપ થતાં માથામાં ગંભીર ઈજા સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. યુવકની ન્યુરો વિભાગમાં સર્જરી કરાઈ હતી. જે તે સમયે લોહીની બોટલ સિવિલની બ્લડ બેન્કમાંથી લેવાઈ હતી. અન્ય દર્દીઓને લોહી મળી રહે માટે યુવકના પરિવાર, સંબંધીઓને એક બોટલ લોહી જમા કરાવવા કહેવાયું હતું. જે બ્લડ આપવા જયદીપ તા.૨૯ના રોજ આવ્યો હતો અને તબીબ સાથે બ્લડની ચિઠ્ઠી બાબતે માથાકૂટ થઈ હતી. મૃતક યુવક બીનપ આઠ માસ પહેલાં જ રાજકોટ આવ્યો હતો. અને હોટલમાં નોકરી કરતો હતો.

# જંગલેશ્વરમાં ખુદ મામલતદાર પહોંચ્યાઃ પુરાવા રજુ કરવા દબાણકર્તાઓને મુદ્દત અપાઇ

## હાજર નહીં થનારા ૪૦૦ દબાણકારોને રૂબરૂમાં નોટીસની બજવણી કરાઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરના જુદા-જુદા વિસ્તારોમાં વર્ષોથી ખડકાઇ ગયેલા ગેરકાયદેસર ૧૩૫૦થી વધુ રહેણાંક અને કોમર્શીયલ દબાણો હટાવવા માટે પૂર્વ મામલતદાર દ્વારા નોટીસો ફટકારવામાં આવી હતી. આ નોટીસો બાદ ગત તા.૨૯-૩૦ અને ૩૧ના રોજ મામલતદાર કચેરી ખાતે દબાણકર્તાઓની સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી.

આ સુનાવણી દરમ્યાન ૪૦૦ જેટલા દબાણકર્તાઓ તંત્ર સમક્ષ આધાર-પુરાવા સાથે રજુ થયા ન હતા. આથી પૂર્વ મામલતદાર દ્વારા ફરી એકવાર જંગલેશ્વર વિસ્તારમાં આવા ૪૦૦ જેટલા દબાણકર્તાઓને ફરીથી કલમ ૬૧ હેઠળની નોટીસો ફટકારવાનું શરુ કરવામાં આવેલ છે. ગઇકાલે પણ પૂર્વ મામલતદારની ટીમો દ્વારા ઉપરોક્ત દબાણકર્તાઓને નોટીસો આપવામાં આવેલ હતી. જ્યારે આજે સતત બીજા દિવસે પણ ખુદ મામલતદાર એન.પી. અજમેરાની ઉપસ્થિતિમાં જંગલેશ્વરના વિવિધ વિસ્તારોમાં દબાણકર્તાઓને નોટીસોની બજવણી કરવામાં આવેલ હતી. દરમ્યાન પૂર્વ મામલતદાર નીલેશ અજમેરાનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે ૪૦૦ દબાણકર્તાઓ કે જે હજુ સુધી તંત્ર સમક્ષ આધાર- પુરાવા સાથે રજૂ થયા નથી તેવા દબાણકર્તાઓને આગામી તા.૮ જાન્યુઆરી સુધીની મુદત આપવામાં આવી છે. જો તા.૮ સુધીમાં દબાણકર્તાઓ તંત્ર સમક્ષ હાજર નહીં થાય તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સરધારમાં ડો. આંબેડકરની પ્રતિમા ખંડિત કરનારને પોલીસ છાવરતી હોવાની રજૂઆત

## અનુસુચિત સમાજે ન્યાય નહીં મળે તો આંદોલનની પો. કમિશ્નરને આપી ચીમકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધારમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખંડિત કરનાર આરોપી નહીં પકડાય તો રાજ્ય વ્યાપી આંદોલન કરવાની સમસ્ત અનુસૂચિત જાતિ સરધાર દ્વારા પોલીસ કમિશ્નરને રજુઆત કરાઈ છે. સીસીટીવી ફુટેજ ચેક કરી કે લોકેશન ટ્રેસ કરી આરોપીઓને પકડવામાં ન આવતાં હોવાનો પોલીસ પર આક્ષેપ કરાયો છે. સમસ્ત અનુસૂચિત જાતિ સરધાર દ્વારા પોલીસ કમિશ્નર સંબોધી અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૨ ના સરધારમા આવેલ ડો.બી. આર.આંબેડકર બુધ્ધ વિહારમાથી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાં તોડી પાડી ગુમ કરેલ તે બાબતે ફરીયાદ થયેલ તેના આરોપીઓ આજ સુધી પકડથી દુર છે અને તપાસમાં આરોપીઓ સહયોગ આપતા ન હોય પોલીસ તંત્ર ધ્વારા જાણી જોઈ તપાસમાં બેદરકારી દાખવતા હોય તેવુ લાગે છે. બનાવની જગ્યાએ ૫ થી વધુ સીસીટીવી કેમેરા લાગેલા હોય તો પણ ફુટેજ ને ચેક કરવામા નથી આવ્યા કે આરોપીઓને લોકેશન દ્વારા ધરપકડ કરવામાં નથી આવતી. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાંના ફરતે લગાવેલ ડોમ્સવાળા કોણ હતા તે તપાસ કરવામા આવતી નથી. સીસીટીવી કોણે લગાવ્યા તે શોધ કરવામાં આવતી નથી. તેમજ બૌધ્ધ વિહારમાં તુટેલા અવશેષો કુવામાં દાટી દીધા હોય ત્યા અવશેષો પડયા હોવા છતા કૂવો ખોદવામાં આવતો નથી.

જે.સી.બી. વાળા કોણ હતા તેને શોધવામાં આવતા નથી. પતીત પાવન સ્વામીની સાથે આવનાર સુરેશભાઈ ભાનુભાઈ આહીરની પુછપરછ કરવામાં આવતી નથી. જેસીબી.નો ડ્રાઈવર સુરેશ આહીર પર શંકા છે. સુરેશભાઈ આહીર તેમજ ગુજરાત ટ્રેન્ડ વાળો પ્રિતેશ રામાણી અને પતીત પાવન સ્વામી પર અગાઉ પણ આ જમીન બળજબરી પુર્વક કબજો કરવો તેમજ મારામારીની ફરીયાદ થયેલ છે. તેઓ પણ આ કામમાં સામેલ છે તેવી શંકા હોવાથી તેઓનુ બનાવ વખતેનુ લોકેશન અને કોલ ડીટેઈલ કઢાવવી તેમનુ નિવેદન લેવામા આવતા નથી. વિશેષમાં ઉમેર્યું કે, તુરંત મુખ્ય આરોપીઓની અટક કરી ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાં શોધી આપે નહીં તો ગુજરાત ભરમાં જલદ આંદોલનો કરવાની અમોને ફરજ પડશે અને કાયદો વ્યવસ્થા ખોરવાશે. તેમજ ૪૮ કલાકની સમય મર્યાદામાં અમારી માંગણી સ્વીકારવામાં નહીં આવે તો ગુજરાત ભરના તમામ નાના મોટા સંગઠનો રોડ રસ્તા પર આવશે તેની તમામ જવાબદારી પોલીસની રહેશે.

# શાપર પાસે પીપળીયા પાળ ગામમાંથી ગુજરાત ગેસના રૂ.૩ લાખના પાઇપની ચોરી

## સાંજે પાઇપ ફિટિંગની કામગીરી કરી શ્રમિકો ગયા બાદ સવારે આવતા છ પાઈપ ગાયબ હતાંઃ પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર પાસે પીપળીયા પાળ ગામના ગેટ સામે ગુજરાત ગેસની પાઇપલાઇન ફીટીંગની કામગીરી ચાલતી હોય ૪૦ ફૂટની લંબાઈ અને ૪૫૦ કિલો વજનવાળા રૂ.૩ લાખની કિંમતના છ પાઈપ ચોરી થયા અંગે સાઈટ સુપરવાઈઝર દ્વારા લોધીકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવ-ામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી પાઈપની ચોરી કરી જનાર તસ્કરોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગેની માહિતી મુજબ શાપરમાં મારૂતિ ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં રહેતા મૂળ યુપીના બરેલીના ખારોવા ગામના વતની મુકેશકુમાર ગોરીલાલ શાહુ (ઉ.વ.૩૫) દ્વારા લોધીકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા દોઢ વર્ષથી અમદાવાદ સ્થિત શ્યામ ઈન્ફ્રાટેક નામની કંપનીમાં ગેસ પાઇપ કન્ટ્રક્શન, ગેસ પાઈપલાઈન ફીટીંગની સાઈટમાં ઇન્ચાર્જ તરીકે નોકરી કરે છે.શ્યામ ઈન્ફ્રાટેક કંપનીના માલિક ઈલેશકુમાર પાનસુરીયા છે અને તેમની કંપનીએ હાલ ગુજરાત ગેસ તરફથી ગેસ પાઈપલાઈન નાખવાનો કોન્ટ્રાક્ટ રાખ્યો છે. ફીટીંગ કરવા માટેના પાઈપ તથા તેની સાથેનું અન્ય મટીરીયલ્સ ગુજરાત ગેસ પાઈપલાઈન તરફથી કંપનીને આપવામાં આવે છે અને હાલમાં પાઈપ ફિટિંગની સાઈટ શાપર વેરાવળથી પીપળીયા પાળ ગામ થઈ હડમતાળા ઈન્ડસ્ટ્રીઝ સુધી પાઈપ લાઈન ભૂગર્ભમાં ફીટીંગ કરવાનું કામ ચાલે છે. જે કામગીરીમાં ૧૫ મજૂરો કામ કરે છે.

ગઈ તા. ૨૮ ના ગુજરાત ગેસ કંપની તરફથી સૂર્યપ્રકાશ પાઈપ ભરેલ કુલ પાંચ ટ્રક જે પાંચ ટ્રકમાં કુલ ૨૪૫ પાઈપ ફરિયાદીને કંપનીને આપવામાં આવ્યા હતા. જે ૪૦ ફૂટની લંબાઈ અને ૪૫૦ કિલો વજનવાળા હોય અને આઠ ઈંચ ગોળાઈ વાળો હોય આ તમામ પાઈપ શાપર વેરાવળથી પીપળીયા પાળ ગામથી આગળ સુધી ત્રણ કિલોમીટર સુધી રોડની સાઈડમાં ખરાબાની જગ્યામાં નીચે ઉતાર્યા હતા અને અલગ અલગ જગ્યાએ રાખવામાં આવ્યા હતા. જે પાઈપ માંથી કુલ નવ પાઈપ શાપર વેરાવળથી પીપળીયા પાળ તરફ જતા રોડ પર પીપળીયા પાળ ગામના ગેટ પાસે ઉતાર્યા હતા.

સાંજના છ વાગ્યા સુધી આ પાઈપલાઈનનું ઉતારવાનું કામ પૂરું કરી બધા શાપર વેરાવળ રહેતા શેડ ખાતે જતા રહ્યા હતા.

બાદમાં બીજા દિવસે તા.૨૯ ના સવારના આઠેક વાગ્યે ફરિયાદી તથા તેની સાઈટ પરના મજૂરો લાઈન ફીટીંગ સાઈટ પર આવતા રૂટ ચેક કરતા પીપડીયા પાળ ગામના મેઈન ગેટ પાસે આવેલ જગ્યાએ રાખેલા પાઈપમાંથી છ પાઈપ જોવા મળ્યા ન હતા.

## રાજકોટની અપહ્યુત સગીરાને સુરતથી શોધી એન્ટી હ્યુમન ટ્રાફિક કિંગની ટીમે પરિવારને સોંપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માલવીયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાને કોઇ અજાણ્યો ઇશમ લગ્નની લાલચ આપી બદ કામ કરવાના ઇરાદે અપહરણ કરી ગયાની ફરીયાદ માલવીયાનગર પોલીસમાં નોંધાઇ હોય ત્યારે ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ તપાસ એન્ટી હ્યુમન ટ્રાફિક કિંગ યુનિટને સોંપવામાં આવ્યા બાદ પીઆઇ ડી.એમ.ઝણકાટની સુચનાથી હેડ કોન્સ. હરસુખભાઇ, કોન્સ. હસમુખભાઇ સહિતના સ્ટાફે ટેકનીકલ એનાલીસીસના આધારે ભોગ બનનાર સગીરા સુરત શહેરમાં હોવાની પ્રાથમીક માહિતી મળતા મહિલા પોલીસને સાથે રાખી એન્ટી હ્યુમન ટ્રાફિક કિંગની ટીમ સુરત પહોંચી ભોગ બનનાર સગીરા અને અપહરણ કરનાર શખ્સને દબોચી લઇ માલવીયાનગર પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો અને સગીરાને પરિવાર સાથે મીલન કરાવવામાં આવ્યું હતું.

### કોઠારિયા ચોકડી બ્રિજ પાસેનો બનાવ

# હું પ્રેસમાં છું, મારું નામ સંજય ધામેચા કહી મહિલા પોલીસ પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટ્રાફિક બ્રાન્ચમાં મહિલા હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સેજલબેન અમૃતલાલ પરમારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ કોઠારિયા ચોકડી બ્રિજ ઉપર ફરજ બજાવી રહ્યા હતા ત્યારે શુક્રવારે બપોરે ૧૨૨૫ વાગ્યે નંબર પ્લેટ વગરના મોટર સાઈકલને અટકાવી તેના દંડનું ચલણ બનાવ્યું હતું. આ વેળાએ અન્ય એક મોટર સાઈકલ ચાલક ત્યાં આવી પહોંચ્યો હતો અને ''તમે મને પણ મારું વાહન રોકાવી મારી પાસે લાયસન્સ તથા ગાડીના કાગળ માંગ્યા હતા, તમે બધા વાહન ચાલકોને આમ ખોટી રીતે હેરાન-પરેશાન કરો છો' કહી વીડિયો ઉતારવાનું શરૂ કરી દેતાં સેજલબેને તેને પૂછ્યું હતું કે તમે છો કોણ ? આ સાંભળી વીડિયો ઉતારનાર શખસે કહ્યું હતું કે હું પ્રેસમાંથી છું અને મારું નામ સંજય ધામેચા છે. તમારો પોઈન્ટ અહીંયા નથી છતાં ઉભા રહીને હેરાન કરી રહ્યા છે. સંજયની આ વાત સાંભળી નંબર પ્લેટ વગરના મોટર સાઈકલનો ચાલક પણ ઉશ્કેરાયો હતો અને તેણે પણ બોલાચાલી શરૂ કરી દીધી હતી. થોડી જ વારમાં સંજય ધામેચાએ સેજલબેન પરમાર સાથે ઝપાઝપી કરતાં કાંડામાં ઈજા થઈ હતી. ઝપાઝપી દરમિયાન સંજયનો ફોન નીચે પડક્ષ જતાં તેણે પોલીસ ઉપર મોબાઈલ તોડી નાખ્યાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે ટ્રાફિક કંટ્રોલરૂમમાં જાણ કરતાં જ પોલીસ દોડી ગઈ હતી. સંજય પાસેથી તે કયા પ્રેસમાં છે અને તેનું આઈકાર્ડ માંગતા તેણે કાર્ડ કે પ્રેસનું નામ આપ્યું ન્હોતું. આમ સંજય ધામેચા અને બાઈક નં.જીજે૧૦ઈડી-૭૬૧૩ નંબરના ચાલકે મહિલા હેડ કોન્સ્ટેબલ ઉપર હુમલો કરતાં બન્ને સામે ગુનો નોંધાયો હતો.

## અદાલતોમાં ૪ સાઈઝના પેપરનો અમલ એક માસ મોકૂફ

ગુજરાત રાજ્યની તમામ જિલ્લા અદાલતો-કોર્ટમાં તમામ પ્રકારની પિટિશન, અપીલ, એફિડેવિટ, એપ્લિકેશન, ઓર્ડર, જજમેન્ટ વગેરે એ-૪ સાઇઝના પેપર પર જ દાખલ કરવાના ગુજરાત હાઇકોર્ટના આદેશને એક મહિના માટે મોકૂફ રાખવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલની સૂચના અનુસાર, તમામ જિલ્લા અદાલતોમાં પિટિશન, અપીલ અને અન્ય કાયદાકીય દસ્તાવેજો માટે એ-૪ સાઈઝના પેપરના ફરજિયાત અમલીકરણને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી મુલતવી રાખવામાં આવ્યું છે. હાઈકોર્ટ દ્વારા જાહેર કરાયેલા પરિપત્રમાં ચોક્કસ સાઈઝના એ-૪ પેપરના ઉપયોગની સાથે - સાથે તેની ક્વોલિટી, ગુજરાતી ફોન્ટ, અંગ્રેજી ફોન્ટ, લાઇન સ્પેસિંગ સહિતન? બાબતોનો પણ ઉલ્લેખ કરાયો હતો. જેનો તમામ જિલ્લા અદાલતોમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી અમલવારી કરવાની હોવાનું જણાવ્યું હતું. પરંતુ હવે આ નિર્ણયને કોર્ટે મુલતવી રાખ્યો છે.

# ગોંડલમાં યુવક પાસે પૂર્વ મહિલા કર્મીએ પત્ની અને ભાઇ સાથે મળી ધંધાના નામે કરી રૂ.૧.૩૭ કરોડની ઠગાઈ

## આયાત-નિકાસના ધંધામાં વળતરના નામે યુવકે મિલ્કત વેંચી સાઢુ તથા બનેવી પાસેથી લઇને નાણાં રોક્યાને ફસાયો, અંતે નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના ગુંદાળા રોડ પર જય સરદાર રેસી.માં રહેતા રવિ કેશવલાલ રામોલીયા (ઉ.વ.૩૧) એ તેની જ સાથે અગાઉ નોકરી કરતી યુવતીની વાતમાં આવી આયાત-નિકાસના નામે યુવતી તેના ભાઈ અને પતિની જાળમાં ફસાઈને ૧.૩૯ લાખ રૂપીયા ગુમાવ્યાની ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગતો મુજબ રવિ કોમ્પ્યુટર ડિસ્પ્લે ઈક્વીપમેન્ટ નામની કંપનીમાં નોકરી કરે છે. તેથી સાથે ૨૦૧૮માં સોનલ જગદીશભાઈ દુધાત્રા નોકરી કરતી હતી. ૨૦૧૯માં સોનલે નોરી છોડી દીધી હતી. એક વર્ષ બાદ સોનલે પોતે ઈમ્પોર્ટ-એક્ષપોર્ટનો વ્યવસાય કરે છે તેમાં રોકાણ કરવાથી ચાર ટકા જેવું વળતર મળશે કહી જાળ બીછાવી હતી.

યુવતીએ પોતે તેના ભાઈ ઉત્સવ સાથે વ્યવસાય કરે છે તેવી વાત ફરિયાદી યુવક રવિ અને તેના પિતા-પરિવારને કહી હતી. વિશ્વાસમાં આવી એકાદ વર્ષ સુધીમાં ૨૫ લાખ જેવું રોકાણ કર્યું જેની સામે ૪ ટકા વળતર બંને ભાઈ-બહેન ચુકવતા હતા. વધુ રોકાણ માટે સોનલે વાત કરતા રવિએ તેનું મકાન, શેડ વેચીને ૬૦ લાખ ઉપરાંત બનેવી તથા સાઢુ સુધીમાં આપ્યા હતાં.

૨૦૨૧માં સોનલના ઉર્વીશ પટેલ સાથે લગ્ન થયા હતાં. અને ઉર્વીશ પણ ધંધામાં જોડાયો હતો. બંને દુબઈ ચાલ્યા ગયા હતાં. બે વર્ષ સુધી વળતર આપ્યા બાદ રકમ ચુકવતા નહતા. આમ ધંધાના નામે વળતર આપવાનું કહી રોકાણ કરાવી ૧.૩૭ કરોડની છેતરપિંડી વિશ્વાસઘાત આચર્યાનો આરોપ દંપતી સોનલ, ઉર્વિશ અને સોનલના ભાઈ ઉત્સવ પર મુક્યો છે. છે. દંપતીએ બગદાદના વેપારી સાથે પણ દોઢેક કરોડની ઠગાઈ કર્યાનો પણ આક્ષેપ કરાયો છે.